CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૧    બુધવાર, તા.૨૪-૦૪-૨૦૨૪    અંક : ૧૦૨    વર્ષ : ૧૯    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ૨૦૨૫માં જ ભારત વિશ્વનું ચોથા નંબરનું અર્થતંત્ર બની જશે

## પ્રતિ વ્યક્તિ આવકમાં ભારતનું રેન્કીંગ સુધર્યું: વિશ્વમાં ૧૫૩માંથી ૧૪૪માં સ્થાને

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે એપ્રિલ ૨૦૨૪ વર્ષમાં કરેલા એક પ્રોજેકશન મુજબ ભારત ૨૦૨૫માં જ જાપાનને પાછળ રાખીને વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બની જશે અને ૨૦૨૭માં તે જર્મનીને પણ પાછળ છોડી ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બનશે. આ ઉપરાંત ચીનની જીડીપી પણ વધવાની ધારણા છે.૨૦૨૩માં ચીનની જીડીપી અમેરિકાની જીડીપી



કરતા ૬૫ ટકા હતી તે ૨૦૨૯માં ૭૧ ટકા થઈ જશે અને ભારતની જે ઘરેલુ વિકાસદર વધી રહ્યો છે તેના કારણે તેના પ્રતિ નાગરિક આવક પણ વિશ્વમાં ૧૪૪માંથી ૧૩૬માં સ્થાને આવી જશે. વિશ્વના સૌથી ઝડપી વિકાસ પામતા અર્થતંત્ર તરીકે ભારત નંબર વન છે ત્યારે દેશનો હવે જીડીપી રેન્કીંગ પણ જે ૨૦૧૮માં ૧૫૩ હતો તે સુધરીને ૧૪૪ થયો છે અને ભારતે હવે રીપબ્લીક ઓફ કોંગો, ઘાના, કેન્યા, કમ્બોડીયા અને લાઓસ પીપલ્સ ડેમોક્રેટીક રીપબ્લીકને પાછળ રાખી દીધા છે અને ૨૦૨૯ સુધીમાં તે કેરેબીયન દેશો પપુઆ ન્યુ ગુએના અને અંગોલા ઉપરાંત ઉઝબેકીસ્તાનને પણ પાછળ રાખી દેશે.

## IRDAIએ દૂર કરી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનાર માટેની વય મર્યાદા

### વીમાનો નવો નિયમ વૃદ્ધો માટે રાહત : વરિષ્ઠ નાગરિકોને હપ્તામાં ચુકવણી કરવાની સુવિધા

નવીદિલ્હી,

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૧ એપ્રિલથી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનારાઓ માટેની વય મર્યાદા દૂર કરી છે. અગાઉ નવી હેલ્થ પોલિસી ખરીદવાની છૂટ ૬૫ વર્ષની ઉંમર સુધી જ હતી. ૧ એપ્રિલ, ૨૦૨૪થી સ્વાસ્થ્ય વીમા પોલિસી માટે અમલમાં આવેલા આ નવા નિયમમાં, IRDAIએ વીમા કંપનીઓને કોઈપણ પ્રકારની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી મેડીકલ કંડીશન ધરાવતા લોકોને સ્વાસ્થ્ય પોલિસી પ્રદાન કરવાનો આદેશ આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જો વરિષ્ઠ નાગરિકોને એક જ વારમાં પ્રીમિયમ ચૂકવવામાં મુશ્કેલી પડી રહી છે, તો તેમને હપ્તામાં ચુકવણીની સુવિધા મળવી જોઈએ.

આયુષ સારવાર કવરેજ પર કોઈ મર્યાદા નથી. આયુષ સારવારમાં કોઈપણ મર્યાદા વિના વીમા રકમ કવરેજ ઉપલબ્ધ થશે. પરિપત્ર મુજબ, IRDAI એ સ્વાસ્થ્ય વીમાનો વેઈટિંગ પિરિયડ પણ ઘટાડીને ૪૮ મહિનાને બદલે ૩૬ મહિના કરી દીધો છે. IRDAIએ વીમા કંપનીઓને કોઈપણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તબીબી સ્થિતિ ધરાવતી વ્યક્તિઓને સ્વાસ્થ્ય વીમા પોલિસી ઑફર કરવાનો આદેશ પણ આપ્યો છે. તે વીમા કંપનીઓને હૃદય, કેન્સર અને એડ્સ જેવા ગંભીર રોગોથી પીડિત દર્દીઓને પોલિસી આપવાનો ઈનકાર કરવા પર પણ પ્રતિબંધ મૂકે છે. ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સુમિત બોહરા કહે છે.

## ઉત્તરી ગાઝા પટ્ટીમાં મોટા હુમલાનો ભય : ઈઝરાયેલી સેનાએ વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો

### તમે જ્યાં રહો છો તે યુદ્ધ ક્ષેત્ર છે હુમલો ગમે ત્યારે થઈ શકે છે તેથી, તમારા પરિવાર સાથે આ વિસ્તાર છોડી દો

તેલઅવીવ,

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, બંને દેશો એકબીજા પર હુમલા કર્યા છે, ત્યારે ઈઝરાયેલી સેનાએ ગાઝાના ઉત્તરીય વિસ્તારોના રહેવાસીઓને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. અને કહ્યું છે કે, 'તમે જ્યાં રહો છો તે યુદ્ધ ક્ષેત્ર છે. હુમલો ગમે ત્યારે થઈ શકે છે. તેથી, તમારા પરિવાર સાથે આ વિસ્તાર છોડી દો.'

ઈઝરાયેલે ઉત્તરી ગાઝા પટ્ટીના બીટ લાહિયા શહેરના રહેવાસીઓને આ વિસ્તારમાં નવા મોટા હુમલાની આશંકાથી તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસના પ્રવક્તા અવિચાય અદ્રાઈએ મંગળવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ લખીને વિસ્તારમાં રહેતા તમામ લોકોને ચેતવણી આપી હતી.

તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, 'તમે ખતરનાક યુદ્ધ ક્ષેત્રમાં છો. અહીં ગમે ત્યારે હુમલો થવાની શક્યતા છે. તેમણે કહ્યું કે સેના પાસે આ ક્ષેત્રમાં હમાસ વિરુદ્ધ મોટી તાકાત સાથે કાર્યવાહી કરવાની રણનીતિ છે.ઈઝરાયેલની બચાવ સેવાના જણાવ્યા અનુસાર, ગત મંગળવારે ગાઝાથી દક્ષિણ ઈઝરાયેલના શહેર સેડેરોટ તરફ ચાર રોકેટ છોડવામાં આવ્યા હતા. જેના કારણે હવાઈ હુમલાની સાયરન વગાડવામાં આવી હતી. જોકે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. રોકેટ પર છોડેલી ઈન્ટરસેપ્ટર મિસાઈલના કાટમાળને કારણે ગેરેજમાં આગ લાગી હતી.

## ગેસ ગળતરથી બનાસકાંઠામાં ૩ શ્રમિકોના મોત

### કુંડીમાં એકઠા થયેલ ગેસનાં કારણે પાંચ શ્રમિકોને ગુંગળામણ થઈ હતી

બનાસકાંઠા,

બનાસકાંઠામાં ગેસ ગળતરનાં લીધે ૩ શ્રમિકોનાં મોત નિપજતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ પેપર મિલમાં પેપર પલાળવા માટે કુંડીઓ બનાવી હતી. જે કુંડીઓ છેલ્લા એક સપ્તાહથી બંધ હોવાથી અંદર ગેસ એકઠો થયો હતો. મંગળવાર રાત્રે શ્રમિકો કુંડીમાં ઉતર્યા હતા. ત્યારે કુંડીમાં એકઠા થયેલ ગેસનાં કારણે શ્રમિકને



ગુંગળામણ થવા પામી હતી. બેભાન થઈ ગયેલ મજૂરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જે બાદ બેભાન થઈ ગયેલ મજૂરોને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.મજૂરો બેભાન થઈ ગયાની જાણ મિલનાં કામદારોને થતા તેઓ તાત્કાલીક ફાયર ફાઈટર વિભાગને આ બાબતે જાણ કરતા ફાયર ફાઈટરનાં કર્મચારીઓ તાત્કાલીક ઘટનાં સ્થળે આવી પહોંચી શ્રમિકોનો બહાર કાઢી તેઓને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

## દિલ્હીમાં આંધી-વરસાદ : ૧૫ ફલાઈટ ડાઈવર્ટ

### એકાએક હવામાન પલ્ટો સર્જાયો



નવીદિલ્હી,

દેશના અર્ધોઅર્ધ ભાગે આકરી ગરમી-હીટવેવ જેવી હાલત ભોગવી રહ્યા છે ત્યારે પાટનગર દિલ્હીમાં આંધી-વરસાદ સાથે એકાએક હવામાન પલ્ટો સર્જાયો હતો. વાતાવરણ એટલી હદે બદલાયુ હતું કે દિલ્હીના ૧૫ વિમાનો ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા.

પાટનગરના અનેક ભાગોમાં એકાએક વાતાવરણ બદલાઈ ગયુ હતું તેજ પવન સાથેની આંધી સાથે વરસાદ ખાબકતા રસ્તા પર પાણી રેલાવા લાગ્યા હતા. તાપમાન પણ ઉતરી ગયુ હતું અને પારો ૩૬.૮ ડીગ્રી નોંધાયો હતો. મોસમના મારને પગલે વિમાની સેવાને તીવ્ર અસર થઈ હતી. ૧૫ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી તેમાંથી ૯ ને જયપુર, બે ને અમૃતસર, બે ને લખનૌ તથા એક-એક ફલાઈટ મુંબઈ તથા ચંદીગઢમાં મોકલવામાં આવી હતી.

એરલાઈનન્સ કંપનીઓને ફલાઈટના શિડયુલ ચકાસીને જ એરપોર્ટ પર આવવા પ્રવાસીઓને સંદેશા મોકલવા પડયા હતા. હવામાન વિભાગ દ્વારા દિલ્હીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે, કાલથી તાપમાન ફરી વધવા લાગવાનું જણાવવામાં આવ્યુ છે. દિલ્હીમાં આ પુર્વે ૧૩મી એપ્રિલે વાતાવરણ પલ્ટો થયો હતો અને ૨૨ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી.

## પહેલી મેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે પંચમહાલ અને દાહોદના ઉમેદવાર માટે સભા સંબોધશે

દાહોદ, તા. ૨૩

ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રચાર માટે વડાપ્રધાનશ્રી ગુજરાત આવવાના છે, ત્યારે ૧ મે ૨૦૨૪ ગુજરાત સ્થાપના દિવસે દાહોદ અને પંચમહાલના ભાજપના ઉમેદવારો માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી પ્રચાર કરશે. લીમખેડામાં પી. એમ મોદી જંગી જાહેર સભાને સંબોધશે. લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ પ્રથમ વાર વડાપ્રધાનશ્રી મોદી વતનમાં આવશે. ગુજરાતની ૨૬ માંથી ૨૬ બેઠકો કબજે કરવાનો ભાજપનો પ્રયત્ન છે.

પી. એમ મોદી પંચમહાલ અને દાહોદના ભાજપના લોકસભા ચૂંટણીના ઉમેદવારો માટે પ્રચાર અને સભા કરશે. પીએમ મોદી પંચમહાલ લોકસભના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ અને દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જસવંતસિંહ ભાભોર માટે ચૂંટણી પ્રચાર કરશે. વડાપ્રધાનના આગમનને પગલે જિલ્લા ભાજપ અને તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરૂ દેવાઈ છે. ૧લી મેએ ગુજરાત સ્થાપના દિવસ હોવાથી પીએમ મોદીની આ મુલાકાત ઘણી સૂચક ગણાઈ રહી છે.



## રામદેવ-બાલકૃષ્ણએ વધુ એક માફી પત્ર છપાવ્યું

### કેસની આગામી સુનાવણી 30 એપ્રિલે થશે

નવીદિલ્હી,

પતંજલિ ગ્રૂપ પર અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરીને એલોપેથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કરવાનો આરોપ છે, જેના પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. દરમિયાન, પતંજલિએ બુધવારે (૨૪ એપ્રિલ) અખબારોમાં વધુ એક માફી પત્ર પ્રકાશિત કર્યો છે. અગાઉ, પતંજલિએ ૨૨ એપ્રિલે પણ માફી પત્ર પ્રકાશિત કર્યો હતો, જેના માટે કોર્ટે તેમના નાના કદ માટે તેમને ઠપકો આપ્યો હતો.પતંજલિએ બુધવારે પ્રકાશિત માફી પત્રમાં લખ્યું- અમે જાહેરાતો પ્રકાશિત કરવામાં થયેલી ભૂલ માટે નિષ્ઠાપૂર્વક અને બિનશરતી માફી માંગીએ છીએ. આવી ભૂલનું પુનરાવર્તન નહી થાય. અમે સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું સાવધાની સાથે પાલન કરવાનું વચન આપીએ છીએ.

## ૨૦૨૬ સુધીમાં દોડશે દેશની પહેલી બુલેટ ટ્રેન

### એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું - મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,

કેન્દ્રીય રેલવે અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને મંગળવારે કહ્યું કે, દેશની પ્રથમ બુલેટ ટ્રેન માટેના જુદા જુદા સ્ટેશનો પર નિર્માણાધિન કાર્યમાં ઘણી પ્રગતિ જોવા મળી રહી છે. ૨૦૨૬ સુધીમાં અમે એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું.

આઈએએનએસને આપેલા ઈન્ટરવ્યુમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમદાવાદ-મુંબઈ રૂટ પર બુલેટ ટ્રેનનું કામ સારી રીતે ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, '૨૯૦ કિલોમીટરથી વધુનું કામ પૂર્ણ થઈ ગયું છે. જે અંતર્ગત ૮ નદીઓ પર પુલ બનાવવામાં આવ્યા છે. હાલ ૧૨ સ્ટેશનો પર કામ ચાલી રહ્યું છે. આ સ્ટેશનોનું કામકાજ પણ પૂર્ણતાના આરે પહોંચી ગયું છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે બુલેટ ટ્રેનને લઈને ૨ ડેપો પર કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, 'વર્ષ ૨૦૨૬માં તેના પ્રથમ તબક્કામાં ટ્રેન શરૂ કરવાનું લક્ષ્યાંક છે. આ બાબતને



ધ્યાનમાં રાખીને કામગીરી ખૂબ જ ઝડપી ગતિએ ચાલી રહી છે. બુલેટ ટ્રેન ખૂબ જટિલ પ્રોજેક્ટ છે. આના પર કામ વર્ષ ૨૦૧૭માં શરૂ થયું હતું અને ડિઝાઈનને તૈયાર કરવામાં લગભગ અઢી વર્ષનો સમય લાગ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'બુલેટ ટ્રેનની ડિઝાઈન જટિલ છે કારણ કે જે ઝડપે ટ્રેન દોડવાની હોય છે, તેમાં ઘણું વાઈબ્રેશન હોય છે. એ વાઈબ્રેશનને રોકવા માટે શું કરવું એ બધી વસ્તુને ખૂબ જ કાળજીપૂર્વક જોવાની જરૂર છે. આના પર વધુ કામ ટૂંક સમયમાં શરૂ થશે.ગુજરાતમાં આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ પ્રગતિમાં છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના પ્રવક્તા સુષ્મા ગૌરે જણાવ્યું કે સ્ટેશન માટે પાઈલીંગનું કામ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં ૧૦૦ ટકા કોન્કોર્સ સ્લેબ, ટ્રેક સ્લેબ અને સ્ટ્રક્ચરલ સ્ટીલનું કામ પૂર્ણ થયું છે. આણંદ શહેરને ભારતની દૂધ નગરીથી ઓળખવામાં આવે છે. આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનો અગ્રભાગ અને આંતરિક ડિઝાઈન દૂધના ટીપાંની પ્રવાહી પ્રકૃતિ, આકાર અને રંગથી પ્રેરિત છે.

## DRDOએ સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું

નવીદિલ્હી,

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ દેશનું સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે મંગળવારે આ માહિતી શેર કરી.

પોલિમર બેકિંગ અને મોનોલિથિક સિરામિક પ્લેટથી બનેલું આ જેકેટ ૬ સ્નાઈપર બુલેટ દ્વારા પણ ભેદી શકાયું ન હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે જેકેટનું ઈન-કંક્શન (ICW) અને એકલ ડિઝાઈન સૈનિકોને ૭.૬૨૮૫૪ RAPI (BIS ૧૭૦૫૧નું લેવલ ૬) દારૂગોળા સામે રક્ષણ પૂરું પાડશે. આ જેકેટ કાનપુર સ્થિત ડીઈર્ડીના સંરક્ષણ સામગ્રી અને સ્ટોર્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (DMSRDE) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જેકેટનું પરીક્ષણ BIS ૧૭૦૫૧-૨૦૧૮ હેઠળ TBRL ચંદીગઢ ખાતે કરવામાં આવ્યું હતું.

સચિવ, સંશોધન અને વિકાસ, સંરક્ષણ વિભાગ અને અધ્યક્ષ, DRDOએ હળવા વજનના બુલેટપ્રૂફ જેકેટને વિકસાવવા બદલ DMSRDEને અભિનંદન પાઠવ્યા છે.

## MP-UPમાં તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચ્યું ગરમીને જોતા ઓડિશાની શાળાઓમાં રજા

### છત્તીસગઢ સહિત ૨૧ રાજ્યોમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગએ દેશના ઘણા રાજ્યોમાં ભારે ગરમીનું એલર્ટ જાહેર કર્યું છે. જે મુજબ આજે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં હીટવેવ રહેશે. તેમજ, પશ્ચિમ બંગાળમાં તીવ્ર હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ ચાર રાજ્યોમાં તાપમાન પણ ૪૨ ડિગ્રીએ પહોંચી ગયું છે. ગરમીને જોતા ઓડિશામાં બાળકો માટે શાળામાં રજા જાહેર કરવામાં આવી છે. આ સિવાય છત્તીસગઢની તમામ શાળાઓ પણ ૧૫ જૂન સુધી બંધ રહેશે.હવામાન વિભાગે કહ્યું છે કે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરપ્રદેશમાં આગામી ૪-૫ દિવસમાં ૪૨ ડિગ્રી પાર જશે.

CMYK CMYK

# આર્મીનો યુનિફોર્મ પહેરી દારૂની હેરાફેરી



## દોઢ લાખની વિદેશી દારૂની બોટલો મળી : કોન્સ્ટેબલને નકલી આર્મી મેજરે સેલ્યુટ કરી દેતા ભાંડો ફૂટી ગયો

ગાંધીનગર

મહારાષ્ટ્ર નંદુરબારમાં વાહન ચેકિંગ દરમિયાન ટ્રાફિક જામ થયો ત્યારે ગોરવાનો શખ્સ આર્મીના મેજર રેન્કનો યુનિફોર્મ પહેરી પોલીસ પર રોફ જાળવા ગુસ્સે થઈ જલ્દી ટ્રાફિક ક્લિયર કરાવવા કહેવા કારમાંથી ઉતરી પડ્યો હતો. જોકે આ દરમિયાન એક કોન્સ્ટેબલ નજીક આવતા નકલી આર્મી મેજરે સામેથી સેલ્યુટ કરી દેતા ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસે નકલી મેજરની કાર તપાસતાં દોઢ લાખની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. નંદુરબાર પોલીસે નકલી મેજર રાહિલ શફી ઉર્ફે મોહમદ ફારૂક શેખ )(રહે, નુર બંગ્લો, મધુનગર, ગોરવા)ની પૂછપરછ કરતા તે સતત પોતે આર્મીનો અધિકારી હોવાનું રટણ કરતો, સાથે જ તે નકલી આર્મીનું આઈકાર્ડ પણ લઈને ફરતો હતો અને હાલ તેની નોકરી વડોદરા ઈએમઈમાં હોવાનું જણાવતો હતો. નંદરબાર પોલીસ રાહિલના ઘરે ગોરવા તપાસ કરી ત્યારે પણ વિવિધ પ્રકારની બ્રાન્ડેડ વિદેશી દારૂની રૂ.૩.૬૭ લાખની બોટલો મળી હતી. જે અંગે ગોરવા પોલીસે રાહિલની પત્ની શાહિદા શેખ સામે ગુનો નોંધ્યો હતો.

આરોપી હાલ નંદુરબાર પોલીસના ચાર દિવસના રિમાન્ડ પર છે. રિમાન્ડ પૂર્ણ થયા બાદ ગોરવા પોલીસ ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીની ધરપકડ કરી કાર્યવાહી કરશે. આરોપી આર્મીનો યુનિફોર્મ પહેરી કેટલા સમયથી દારૂની હેરાફેરી કરતો હતો. તેની તપાસ આગળ વધારાઈ છે. તેની સામે હજી સુધી કોઈ પ્રોહિબિશનનો ગુનો ન નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું.

# મુખ્યમંત્રી પટેલે કષ્ટભંજનદેવની ઉતારી આરતી

બોટાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતિ ઉત્સવમાં ભક્તિભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન હનુમાનજી મહારાજને ચઢાવવામાં આવેલ મહા અન્નકૂટની આરતીમાં ભાગ લીધો હતો અને સૌના સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

હનુમાન જયંતિના પાવન અવસરે સાળંગપુર ધામમાં દર વર્ષે યોજાતી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની પરંપરા મુજબ આ વર્ષે પણ સમૂહ મારુતિ યજ્ઞની સાથે હનુમાનજી મહારાજને અર્પણ કરેલ મહા અન્નકૂટ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન જયંતિ નિમિત્તે તેમણે હનુમાનજી



મહારાજની ભક્તિભાવપૂર્વક આરતી કરી હતી અને તમામ લોકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી.હનુમાન જયંતિની આ ભવ્ય ઉજવણીમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, આગેવાનો અને ભક્તોએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

# ડ્રાઈવરને ચક્કર આવતા ૪૧ મુસાફરો ભરેલ એસટી બસ દીવાલ સાથે અથડાઈ

## એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ



અમદાવાદ

અમદાવાદ વિરમગામ હાઈવે પર જખવાડા ગામ પાસે ઝાલોદ તરફથી આવતી જામનગર તરફ જતી દાહોદ-જામનગર એસટી બસ નંબર પ્ત-૧૮-ઢ-૮૫૩૦ના ડ્રાઈવરને અચાનક ચક્કર આવતા એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ હતી અને દીવાલ સાથે અથડાઈ હતી.

આ બસના ડ્રાઈવર અને એક મુસાફરને સામાન્ય ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વિરમગામ ગાંધી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતા. આ એસટી બસમાં ૪૧ કુલ મુસાફરોમાં સવાર હતા, જેમાંથી ૪૦ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. એસટી બસને ભારે નુકસાન પહોંચ્યું હતું.

# કારમાં લાલ બત્તી અને નકલી નંબર પ્લેટ લગાવી રોફ જમાવતો કેન્દ્ર સરકારનો નકલી અધિકારી ઝડપાયો

## કાર ન રોકતા પોલીસે પીછો કરીનેઅટકાવી પૂછપરછ કરતા ભાંડો ફૂટી ગયો હતો

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને શહેરમાં વિવિધ જગ્યાએ પોલીસ બંદોબસ્ત અને વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આરોપી સૌરીન પોતાની દિલ્હી પાસિંગ DL 03 CCM 9591 નંબરની ક્રેટા ગાડી લઈને નીકળ્યો હતો. આ ગાડીમાં પોલીસની સરકારી વાહનોમાં લાગે તેવી લાલ અને વાદળી લાઈટ લગાવેલી હતી. અને સરકારી ગાડીમાં ઈમરજન્સી



સમયે વાગે તેવું હુટર લગાવ્યું હતું. પોલીસને શંકા જતા કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કાર ન રોકતા ગુજરાત યુનિવર્સિટી પોલીસે પીછો કરીને વિજય ચાર રસ્તા નજીક તેને અટકાવી પૂછપરછ કરતા નકલી અધિકારીનો ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી સૌરીન પશ્ચિમ બંગાળના કોલકતાનો રહેવાસી છે. સોફ્ટવેર એન્જીનિયર છે. તે પુનામાં આવેલી માઈક્રોસોફ્ટ કંપનીમાં નોકરી કરે છે. સૌરીનને સરકારી અધિકારીઓની જેમ લાલ લાઈટ વાળી ગાડીમાં ફરીને રોફ જમાવવાનો ખૂબ જ શોખ હતો. અગાઉ પણ તે પશ્ચિમ બંગાળમાં આ પ્રકારે લાલ લાઈટવાળી ગાડીમાં નકલી અધિકારી બનીને રોફ જમાવતા ઝડપાયો હતો અને તેની વિરુદ્ધ ગુનો પણ નોંધાયો હતો.

આ કેસમાં સૌરીને પશ્ચિમ બંગાળનું અસલી પાસિંગ બદલીને દિલ્હીનું નકલી પાસિંગ લગાવ્યુ હતું. આ ઉપરાંત સરકારી વાહનમાં લગાવેલી લાઈટ અને હુટર લગાવીને રોફ જમાવી રહ્યો હતો.

# ભાજપમાં ફરી પ્રવેશ બાદ કિશનસિંહ સોલંકીને અપાઈ મોટી જવાબદારી

## ગુજરાત ભાજપ સંગઠનમાં વિદેશ વિભાગના સહ સંયોજકની જવાબદારી આપવામાં આવી

અમદાવાદ

વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા ગુજરાત ભાજપ સંગઠનમાંથી કિશનસિંહ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જો કે થોડા દિવસો પહેલા કિશનસિંહ સોલંકીનો ફરી ભાજપ પ્રવેશ થયો હતો. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે કિશનસિંહ સોલંકીનો ભાજપમાં પ્રવેશ કરાવ્યો હતો. હવે પાટીલે કિશનસિંહને મોટી જવાબદારી આપી છે.

૨૩ એપ્રિલે ગુજરાત ભાજપની એક અખબારયાદી જાહેર થઈ છે, જે મુજબ સી.આર.પાટીલની સૂચનાથી કિશનસિંહ સોલંકીને ગુજરાત ભાજપ સંગઠનમાં વિદેશ વિભાગના સહ સંયોજકની જવાબદારી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં અમદાવાદ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી કિશનસિંહ સોલંકીને પક્ષમાં ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા.

# ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો સામે નોંધાયેલા છે જુદા જુદા ગુના

## ૧૫ અપક્ષ ઉમેદવારો એવા છે કે જેઓની સામે પોલીસ ફરિયાદો થયેલી છે

અમદાવાદ

ગુજરાતની ૨૬ બેઠકોના કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો સામે જુદા જુદા ગુના નોંધાયેલા છે અને કોર્ટમાં કેસ પડતર છે. આ વખતની ચૂંટણીમાં ગુજરાતના કુલ ઉમેદવારોમાં ૧૦ ટકાથી વધુ ઉમેદવારો ગુનાઈત ઈતિહાસ ધરાવતા છે જેમાં સૌથી વધુ ૧૫ અપક્ષ ઉમેદવારો છે અને રાજકીય પાર્ટીમાં સૌથી વધુ છ ઉમેદવાર કોંગ્રેસના છે. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાની વેબએપની વિગતો મુજબ ગુજરાતમાં કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી ૩૨ ઉમેદવારો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે જેમાં અપક્ષ ઉમેદવારો સૌથી વધુ છે. ૧૫ અપક્ષ ઉમેદવારો એવા છે કે જેઓની સામે પોલીસ ફરિયાદો થયેલી છે. ગુનાઈત ઈતિહાસ ધરાવતા કુલ ઉમેદવારોમાંથી ભાજપના ૩ ઉમેદવારો છે અને કોંગ્રેસના છ ઉમેદવારો છે જ્યારે આપ પાર્ટીના એક ઉમેદવાર છે.

# ભાજપના સંકલ્પપત્રની ગુજરાતી આવૃત્તિનું થયુ વિમોચન

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલની હાજરીમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના સંકલ્પ પત્રની ગુજરાતીની આવૃત્તિનું વિમોચન કરવામાં આવ્યું છે. પ્રચાર-પ્રસાર માટે ગીતો અને વિવિધ કૃતિઓનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રૂપાલે ફરીથી ક્ષત્રિય સમાજને ભારતીય જનતા પક્ષ સાથે જોડાવવા અપીલ કરી છે. ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-ટુ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે જાહેરમંચ પરથી પરસોત્તમ રુપાલા ક્ષત્રિય સમાજને ભાજપને મત આપવા અપીલ કરી રહ્યા છે. આ સાથે પરસોત્તમ રૂપાલાએ સભામાં સંબોધન કરતી વખતે જય ભવાની અને જય શિવાજીના નારા લગાવ્યા હતા. જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજા અને પટરાણીઓ પર આપેલા નિવેદનને લઈને માફી માગી લીધી છે. જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખે માફી માંગતો વીડિયો રિલિઝ કર્યો છે.

# ભુજના કુકમા ગામે સામૂહિક આત્મહત્યાની ઘટના માતાએ બે બાળકો સાથે જીવનલીલા સંકેલી

ભુજ,

કચ્છ જિલ્લામાં સામૂહિક આત્મહત્યાની ઘટના બની છે. આ બનાવમાં માતાએ બે બાળકો સાથે જીવનલીલા સંકેલી છે. ભુજના કુકમા ગામે આ કરૂણાંતિકા સર્જાઈ છે. આત્મહત્યાનું કારણ અકબંધ છે. પધ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે. માતાએ દીકરા-દીકરી સહિત આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.ભુજના ગામમાં બનેલી આ ઘટનાથી આખું ગામ સ્તબ્ધ છે. આખા ગામમાં સોંપો પડી ગયો છે. ફક્ત કુટુંબ જ નહીં આખું ગામ શોકમાં ગરકાવ છે. આત્મહત્યા પાછળના કારણની પોલીસે તપાસ હાથ ધરી છે.

કુકમાની આહિર સમાજવાડી વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષીય સંગીતાબેન વિજય દેત્રોજાએ તેમની સાડા ચાર વર્ષની દીકરી સંધ્યા અને દોઢ વર્ષના પુત્ર રાજવીરની હત્યા કરી પોતે આત્મહત્યા કરી હતી. મકાનમાં લટકતી લાશો મળતા કુકમા ગામમાં ચકચાર મચી છે. સમગ્ર કુટુંબમાં ગમગીની છવાઈ ગઈ છે. પધ્ધર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ. એમ. ગોહિલે પ્રાથમિક માહિતી આપતા જણાવ્યું હતું કે મૃતક સંગીતાબેને લોખંડની પાઈપની આડી સાથે આત્મહત્યા કરી છે.

# ગુજરાત કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર : રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા

અમદાવાદ,

ગુજરાતમાં હાલ કોંગ્રેસ ચારો ખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. માંડ માંડ ભેગા કરીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા કર્યા, ત્યારે ભાજપ ઉમેદવારોને જ નિશાન બનાવી રહ્યું છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે સુરત લોકસભા સીટ ગુમાવી છે. છતાં કોંગ્રેસ હારી નથી. કોંગ્રેસે ગુજરાતમાં સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. ત્યારે ગુજરતમાં કોંગ્રેસના કયા કયા નેતાઓ ચૂંટણી પ્રચાર કરશે તે જોઈ લો.


લોકસભાની ચુંટણી અને વિધાનસભાની પેટા ચુટંણી માટે કોગ્રેસના સ્ટાર પ્રચારકનું લિસ્ટ જાહેર કર્યુ છે. કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીને ચુટંણી પંચની મહોર લાગી છે. ગુજરાતના સ્ટાર પ્રચારોમાં નેશનલ કોંગ્રેસના નેતાઓ સામેલ છે.

# તાપમાન વધતા વીજ માંગ પણ ઉચકાઈ ૨૪૦૦૦ મેગાવોટની નજીક પહોંચી

અમદાવાદ

ગુજરાતમાં જેમ જેમ તાપમાન સતત વધી રહ્યું છે તેમ ગુજરાતની પીક વીજળીની માંગ ૨૪,૦૦૦સ્ઉની નજીક પહોંચી ગઈ છે અને નિષ્ણાતો કહે છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૨૪,૫૪૦ એમડબ્લ્યુ પીક ડિમાન્ડના રેકોર્ડને વટાવીને આ વર્ષે સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચશે .

એપ્રિલ ૨૦૧૯માં રાજ્યની પીક પાવર ડિમાન્ડ ૧૭,૮૬૫



મેગાવોટ હતી. પાંચ વર્ષમાં પીક ડિમાન્ડ લગભગ ૬,૦૦૦ મેગાવોટ વધી છે. બીજી તરફ, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ માત્ર ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પેનલ્સમાંથી ઉત્પાદિત ૪૩ મિલિયન વીજળી યુનિટ સાથે રાજ્યનું સૌર ઊર્જા ઉત્પાદન પણ નવી ઊંચાઈએ પહોંચ્યું છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અનુસાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ગુજરાતની પીક પાવર ડિમાન્ડ ૨૩,૯૧૬સ્ઉ હતી. તે જ દિવસે, રાજ્યનો વીજળીનો વપરાશ આ ઉનાળામાં ૪૯૧ મિલિયન યુનિટના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. સપ્ટેમ્બરમાં રાજ્યમાં પાવર ડિમાન્ડ ૨૪,૫૪૦ એમડબ્લ્યુ પર પહોંચી હતી અને આ ઉનાળામાં ચોક્કસપણે વધુ માંગ જોવા મળશે.

# ધો.૧૦-૧૨ની પરીક્ષાના કોપી કેસનો નિર્ણય આચારસંહિતાને કારણે અટવાયો

અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને પગલે બોર્ડની પરીક્ષામાં કોપી કેસ અંગેની કાર્યવાહી અટકી ગઈ છે. ધો.૧૦-૧૨ ની પરીક્ષામાં કોપી કેસની સુનાવણી સંબંધે પરીક્ષા સમિતીએ બેઠક માટે ચૂંટણી પંચની મંજુરી માંગી હતી. જોકે પંચે પરવાનગી આપી ન હતી. જેને પગલે બોર્ડની પરીક્ષામાં કોપી કેસમાં ઝડપાયેલા વિગદ્યાર્થીઓની સજા નક્કી કરવાનો નિર્ણય વિલંબમાં મુકાયો છે.

ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષામાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓસામે કાર્યવાહી કરવામાંઆવી હતી. જેમાં બોર્ડ દ્વારા ગેરરીતિ કરનારા વિદ્યાર્થીઓ સામે પગલા લેવાયા હતા. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રો પર સીસીટી કેમેરા લગાવાયા હતા. ગુજરાત ઉચ્ચતર અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પૂરી થયા બાદ આ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. બાદમાં શંકાસ્પદ કોપી કેસની માહિતી બોર્ડને મોકલવામાં આવી હતી. પરીક્ષામાં ગેરરીતિના કેસમાં જો વ્યક્તિ દોષી સાબિત થાય તો તેને ૩ વર્ષ કરતા ઓછી ન હોય અને ૫ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા અથવા ૨,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડ અથવા બન્ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

# રાજ્યમાં પાંચ કરોડ લોકો મતાધિકારનો કરશે ઉપયોગ

## ૧૨ લાખ પ્રથમ વખત કરશે મતદાન : ૨૨,૭૦૧ લોકોએ હોમ વોટીંગની કરી અરજી

અમદાવાદ,

લોકસભાની સામાન્ય તેમજ વિધાનસભાની પેટાચૂંટણી માટે ૭મીમે એ મતદાન થવાનું છે. રાજ્યના અંદાજીત પાંચ કરોડ મતદાતા તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં છેલ્લા આંકડા પ્રમાણે ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો નોંધાયા છે. આ યાદીમાં ૧૮થી ૧૯ વર્ષના મતદારોની સંખ્યા ૧,૨૨,૦૪૩૮ થવા જાય છે. જેમને પ્રથમ વખત મતદાન કરવાની તક મળશે.

રાજ્યના મુખ્ય નિર્વાચિન અધિકારીની કચેરી દ્વારા પાંચમી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવેલી મતદાર યાદી પ્રમાણે ગુજરાતમાં ૪.૯૪ કરોડ મતદારો હતા. પરતું ૯ એપ્રીલે મળેલી નવી અરજીઓ પૈકી



૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરુષ, ૨,૪૧,૫૦,૬૦૩ મહિલા અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મતદારોનો સમાવેશ થાય છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું કે ૧૫મી માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનારા તમામ નાગરિકોને એપિક કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે. ૭મીમેના રોજ યોજાનારી ચૂંટણી માટે ૨૭મી એપ્રિલ સુધીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કુલ ૨૫ સંસદીય મતવિસ્તારોમાં ૪૯૧૪૦ મતદાન મથકોમાં મતદાન થશે, જે પૈકી અમદાવાદ પૂર્વ સંસદીય મતવિભાગના ૧,૮૨૦ મતદાન મથકોમાં ૨ મેંનો વપરાશ થશે. એ ઉપરાંત પાંચ વિધાનસભા મતવિભાગોની પેટા ચૂંટણીઓમાં ૧,૨૮૨ મતદાન મતથકોમાં મતદાન થશે. રાજ્યમાં ૮૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવકા ૧૮,૪૯૦ વરિષ્ઠ મતદારો તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૪,૨૧૧ દિવ્યાંગ મતદારો મળી કુલ ૨૨,૭૦૧ મતદારોએ હોમ વોટીગ માટે અરજી કરી છે.

### Know Your Polling Station અભિયાન

મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર ક્યાં મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો મુંઝવણ અનુભવતા હોય છે. આથી તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યમાં Know Your Polling Station અભિયાનનું આયોજન કરવામાં આવશે. જેમાં બૂથ લેવલ ઓફિસર સવારે ૯ થી ૧૨:૩૦ સુધી મતદાર યાદી સાથે મતદાન મથક પર હાજર રહેશે અને મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થા વિષે માહિતગાર કરશે. આ અભિયાનની સાથોસાથ ચુનાવ પાઠશાલાનું પણ આયોજન કરવામાં આવશે; જેમાં તમામ ગ્રાસ રૂટ લેવલના કર્મચારીઓ ઘરે ઘરે જઈને લોકોને સહપરિવાર મતદાન માટે આમંત્રણ આપશે.

### ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્ર્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭.૮૯ કરોડ રોકડ, રૂ. ૧૪.૬૯ કરોડની કિંમતનો ૫.૦૪ લાખ લીટર જેટલો દારૂ, રૂ. ૩૬.૬૩ કરોડની કિંમતનું ૬૯.૮૦ કિલો સોનું અને ચાંદી, રૂ. ૩.૫૭ કરોડની કિંમતના ૭૭૭.૪૧ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ. ૫૮.૮૫ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૧૨૧.૬૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

### ફરિયાદ નિવારણ

c-VIGIL (સી-વીજીલ) મોબાઈલ ઍપ પર તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

# જામનગરના સુપ્રસિધ્ધ બાલા હનુમાન મંદિરે મહાઆરતી યોજાઈ

## ધારાસભ્ય રીવાબા તેમજ વિશાળ સંખ્યામાં ભાઈઓ-બહેનોએ આરતીનો લાભ લીધો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : અંજનિ પુત્ર હનુમાનજીના ગઈકાલે જન્મોત્સવની ઉજવણી સમગ્ર જામનગરમાં કરવામાં આવી હતી. ત્યારે ગીનીશ બૂકમાં જેમનું નામ જોડાયેલ છે તેવા સુપ્રસિધ્ધ બાલા હનુમાન મંદિરમાં ગઈકાલે હનુમાન જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દિવસ દરમ્યાન રામધૂનમાં અનેક ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત સાંજના સમયે મહાઆરતી યોજાઈ હતી. જેમાં જામનગર (ઉતર)ના ધારાસભ્ય રીવાબા જાડેજાએ ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લીધો હતો. આ ઉપરાંત મોટી સંખ્યામાં ભાઈઓ—બહેનો ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લીધો હતો.

# વિશ્વ પ્રસિધ્ધ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જામનગરના પ્રો. વૈદ્ય અનૂપ ઠાકરની એકેડમિક કાઉન્સિલમાં સભ્ય તરીકે નિમણૂક

## માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારત ભરમાંથી એક માત્ર આયુર્વેદ તજજ્ઞ તરીકે પસંદગી

જામનગર : આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન (આઈ.ટી.આર.એ.)ના નિયામક પ્રો. વૈદ્ય અનૂપ ઠાકરની વિશ્વ પ્રસિધ્ધ બનારસ હિન્દુ યુનિવર્સિટીની મહત્વની એકેડમિક કાઉન્સિલમાં સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ કાઉન્સિલમાં સમગ્ર દેશમાંથી માત્ર આઠ સભ્યોને જ પસંદ કરવામાં આવે છે ત્યારે પ્રો. અનૂપ ઠાકરની પસંદગી તેઓની વ્યક્તિગત યોગ્યતા, કુશળતા, અનુભવ, શૈક્ષણિક અનુભવ અને તેમના કાર્યોને આધારે કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર દેશમાંથી આયુર્વેદ ક્ષેત્રના નિષ્ણાત તરીકે તેઓ પસંદગી પામ્યા છે તે ગર્વની વાત છે.

આઈ.ટી.આર.એ. એ દેશનું સૌપ્રથમ અને એક માત્ર રાષ્ટ્રીય મહત્વનો દરજ્જો ધરાવતું સંસ્થાન છે ત્યારે તેના ડાયરેક્ટર તરીકે તેઓની આ પસંદગી એ સંસ્થાની યશકલ્ગીમાં એક વધુ પીંછું ઉમેર્યું છે!



અત્રે ઉલ્લેખનીય છે કે મૂળ ગાંધીનગરના વતની પ્રોફેસર વૈદ્ય અનૂપ ઠાકર આયુર્વેદ ક્ષેત્રમાં એમ.ડી., પી.એચડી.નો અભ્યાસ કર્યો છે અને ત્રીસ વર્ષનો બહોળો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. તેમના માર્ગદર્શનમાં સિતેરથી વધુ વિદ્યાર્થીઓએ સંશોધન પદવી પ્રાપ્ત કરી ચૂક્યાં છે. ૧૨૫થી વધુ વખત રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સેમિનાર-વર્કશોપમાં તજજ્ઞ વકતવ્ય આપ્યું છે. નોંધનીય પુસ્તકો તેના ખંડો અને ૧૦૦થી વધુ સંશોધન પત્રો પ્રસિધ્ધ કરી ચુક્યાં છે. અત્યાર સુધીમાં વિવિધ ફેલોસિપ અને એવોર્ડ હાંસલ કર્યા છે.

વૈદ્ય અનૂપ ઠાકર ઈટ્રાના નિયામક ઉપરાંત ડબલ્યુ. એચ. ઓ.ના આયુર્વેદના સહયોગી કેન્દ્રના હેડ તરીકે પણ જવાબદારી નિભાવે છે. વધુમાં તેઓ દેશની નામાંકિત સંસ્થાઓ-યુનિવર્સિટીમાં પણ સભ્ય તરીકે કાર્યરત છે. તેઓના મર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં પંદર જેટલાં મહત્વકાંક્ષિ પ્રોજેક્ટ પર કાર્ય સંપન્ન થઈ ચૂક્યું છે. તેઓની બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એકેડમિક કાઉન્સિલમાં સભ્ય તરીકે નિમણૂક થતા સમગ્ર આયુર્વેદ જગતમાં એક હર્ષની લાગણી ફેલાઈ છે!

# જામનગરના બહુચર્ચિત શિક્ષિકા આપઘાત કેસનો ફરાર આરોપી અંતે ઝડપાયો

જામનગર : જામનગરના પંચવટી વિસ્તારમાં એક શિક્ષિકાના આપઘાતના બહુ ચર્ચિત કેસમાં છેલ્લા ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને એલ.સી.બી.ની ટીમે ઝડપી લઈ તેને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

જામનગરના પંચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાએ ૧૧ માસ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે મૃતકના ભાઈ ઈશાકભાઈ ઈબ્રાહમભાઈ હુંદડાએ જામનગરના ત્રણ આરોપીઓ અફરોઝ ચમડિયા, રજાક સાઈચા અને અપ્સર ચમડીયા સામે ફરિયાદ



નોંધાવી હતી, જેઓના ત્રાસના કારણે તેણીની બહેને આત્મહત્યા કરી લીધી હોવાની સુસાઈડ નોટ પણ પોલીસ સમક્ષ રજૂ કરી હતી.

જે ગુનામાં આરોપી અફરોઝ તૈયબભાઈ ચમડીયા નાસતો ફરતો રહ્યો હતો, જે ધ્રોળ તાલુકાના લૈયારા નજીક એક દરગાહ પાસે ઉભેલો છે, તેવી બાતમીના આધારે એલસીબીની ટીમ સ્થળ પર પહોંચી જઈ આરોપીને ઝડપી લઈ તેને જામનગર લઈ આવ્યા પછી સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ચકચારી કેશ લડનારા એડવોકેટ કે જેની તાજેતરમાં હત્યા નીપજાવાઈ હતી, તે શિક્ષિકા આપઘાત પ્રકરણના ફરારી આરોપીની એલસીબીની ટીમ દ્વારા અટકાયત કરાઈ છે.

# દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં બ્રાસની ભઠ્ઠીમાં બાળ મજૂરી કરાવતા સંચાલકની અટકાયત

જામનગર : જામનગરના દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસની ભઠ્ઠીમાં સગીરવયના બાળકો કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા બે બાળકોને મુક્ત કરાવ્યા છે, અને બાળ સંરક્ષણ ગ્રહમાં મોકલી આપ્યા છે. જ્યારે બ્રાસની ભઠ્ઠીના સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગર પોલીસના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસ ની ભઠ્ઠીમાં નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકોનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે. જે માહિતીના આધારે દરોડો પાડયો હતો. જે દરમિયાન ૧૩ વર્ષ તેમજ ૧૭ વર્ષથી નાની વયના બે સગીર બાળકો કામ કરી રહેલા મળી આવ્યા હતા. જેથી શ્રમયુકત અધિકારી ડી.ડી. રામીએ બંને બાળકોનો કબ્જો સંભાળી લઈ બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યા છે.

ઉપરાંત બ્રાસની ભઠ્ઠીના સંચાલક મિલન મનસુખભાઈ અમરોલીયા સામે ધી ચાઈલ્ડ લેબર (પ્રોહીબિશનન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ ૧૯૮૬ ની કલમ ૧૪ (એ) ૧ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી અને શ્રમ યુક્ત અધિકારી ડી.ડી. રામી, તેમજ એ. એચ. યુ. ટી. ની ટિમના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, કિરણબેન મેરાણી વગેરેએ કરી હતી.

# જામનગરમાં યુવાન પર પૈસાની લેતી દેતીના મામલે ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં હવાઈ ચોક વિસ્તારમાં રહેતા એક યુવાન પર પૈસાની લેતી દેતી ના મામલે સત્યસાઈ સ્કૂલ વિસ્તારમાં ત્રણ શખ્સોએ લાકડાના ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. પૈસાની લેતી દેતી ના મામલે આ હુમલો કરાયો હતો. જામનગરમાં હવાઈચોક વિસ્તારમાં રહેતા વિવેક પ્રવીણભાઈ નંદા નામના ૩૮ વર્ષના યુવાન પર ગઈકાલે સત્ય સાંઈ સ્કૂલ પાસે અનિરુદ્ધસિંહ પિંગળ અને તેના બે અન્ય સાગરીતો એ લાકડાના ધોકા વડે માથાના ભાગે તેમજ ગુપ્ત ભાગે હુમલો કરી ઈજા પહોંચાડ્યા ની ફરિયાદ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ છે, જયારે ઈજાગ્રસ્ત ને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.

ફરિયાદી યુવાને આરોપી અનિરુદ્ધસિંહ પાસેથી બે લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા, જે રકમ પરત આપી દીધી હોવા છતાં તારે હજુ પૈસા આપવા પડશે તેમ કહી આરોપીએ હુમલો કરી દીધો હતો. સમગ્ર મામલે સીટી બી. ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# બેડી વિસ્તારમાં કચરો નહીં ઉપડતા ગંદકીનું સામ્રાજ્ય

જામનગર : જામનગર શહેરના વોર્ડ નંબર ૧ના બેડી વિસ્તારમાં ચાર—ચાર દિવસથી કચરા ગાડી ન આવતા સોસાયટીઓમાં કચરાના ગંજ જામી ગયા છે. જવાબદારો આ વિસ્તારમાં ડોકાતા પણ નથી અને કચરા ગાડીઓ જે આવે છે તે પણ ભંગાર જેવી હાલતમાં હોય છે. અડધો કચરો સોસાયટીઓમાં જ ઉડીને પાછો આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

જામનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી કચરો ઉપાડવા માટે લાખ્ખો રૂપિયા કોન્ટ્રાકટરોને ચૂકવવામાં આવે છે. તેમ છતાં શહેરના અનેક વિસ્તારોમાં કચરો ન ઉપડતો હોવાની અનેક ફરિયાદો આવતી રહે છે. ત્યારે શહેરના વોર્ડ નંબર ૧ના બેડી વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી કચરો ઉપાડતી ગાડી ન આવતા આ વિસ્તારની અનેક સોસાયટીઓમાં કચરાના ગંજ ખડકાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

ગયા છે. લોકોમાં રોગચાળાની દહેશત ફેલાઈ છે. તો બીજીબાજુ આ વિસ્તારમાં કચરો ઉપાડવા આવતી ગાડી પણ ખખડધજ હાલતમાં હોય અડધો કચરો તો પાછો સોસાયટીઓમાં જ ઢોળાતો હોવાની બૂમરેંગ ઉઠવા પામી છે. જે અંગેની અનેક ફરિયાદો આ વિસ્તારમાંથી ઉઠવા પામતા મ્યુનિસિપલ તંત્રના જવાબદાર અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરો આ વિસ્તારમાં દેખાતા પણ નથી. જયાંથી કચરો ઉપાડવાનો હોય છે ત્યાં દવા છંટકાવની પણ કામગીરી કરવામાં ન આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# જામનગરમાં જૂના રેલવે સ્ટેશન પાસે બંધ ક્વાર્ટરમાં આગ લાગતા ફાયર દોડયું

જામનગર : જામનગરમાં જૂના રેલવે સ્ટેશન પાસે બંધ ક્વાર્ટરમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ક્વાર્ટરમાં પડેલો કચરો સળગતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. આથી ફાયરના જવાનો દોડી ગયા હતા. પાણીનો મારો ચલાવી આગને બૂઝાવી હતી.

જામનગરમાં જૂના રેલવે સ્ટેશન પાસે બંધ ક્વાર્ટરમાં આવેલા છે. જેમાં ગઈકાલે સાંજે ૬:૩૦ વાગ્યાના અરસામાં અચાનક આગ લાગી હતી. આગના કારણે ક્વાર્ટરની અંદર પડેલો કચરો સળગતા ધૂમાડાના ગોટા જોવા મળ્યા હતા. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડના



તસવીરઃ સુનિલ ચુડાસમા

જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી હતી. બંધ ક્વાર્ટરમાં આગ કેવી રીતે લાગી? તે તપાસનો વિષય બન્યો છે. આગના કારણે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. અત્રે નોંધનિય છે કે, આ ક્વાર્ટરો છેલ્લા ઘણાં સમયથી બંધ હાલતમાં છે. જેના કારણે આજુબાજુમાં અસામાજિક પ્રવૃત્તિઓ પણ વધી ગઈ છે. આમ, છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

# જામનગરની વિવેકાનંદ સોસાયટીના ડીફોલ્ટર સભાસદને ૮ માસ જેલ

જામનગર : જામનગરની વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ અને વિભાપર ગામમાં રહેતા પરેશભાઈ કિશોરભાઈ મકવાણાએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રૂમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા હતો.

આ કેસમાં ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી આરોપીને ૮ માસની જેલની સજા તેમજ વાદગ્રસ્ત ચેકની રકમ રૂ. ૮૬,૨૫૦ નો દંડનો હુકમ કરવામાં આવેલ છે. ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી.કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ. ધામેલીયા, જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

# દ્વારકામાં ચૈત્રી પૂર્ણિમાના દિવસે ભાવિકોએ ગોમતી સ્નાન કરી ઠાકોરજીના દર્શન કર્યા



તસવીરઃ રાકેશ સામાણી

શાસ્ત્રોક્ત વર્ણન અનુસાર ચૈત્ર માસ ધાર્મિક કાર્ય માટે ઉપરાંત દાન, પૂણ્ય માટે પાવનકારી ગણાય છે. ચૈત્ર માસની શરૂઆતમાં નવરાત્રિ પર્વ ઉપરાંત ભગવાન રામ તથા હનુમાનજીનું પ્રાગટ્ય થયેલું હોય, દેવી—દેવતાની આરાધના, ઉપાસના આ માસ દરમ્યાન મહત્ત્વપૂર્ણ ગણાય છે. ચૈત્રી પૂનમના પાવન અવસરે મહિને પૂનમ ભરવા આવેલા દ્વારકાધીશના દર્શનાર્થીઓએ પૂણ્ય સલીલા ગોમતી નદીમાં સ્નાન કરી કાળિયા ઠાકોરને શિશ ઝૂકાવીને ભારે ધન્યતા અનુભવી હતી. પૂનમના અવસર દ્વારકાધીશના જગતમંદિરમાં વહેલી સવારે મંગળા આરતીમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી.

# જામનગરમાં લોહીની ઉલ્ટીઓ થતાં વૃધ્ધનું મોત નિપજયું

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડમાં કૈલાશ નગરમાં રહેતા ૬૦ વર્ષના બુઝુર્ગને એકાએક લોહીની ઉલટીઓ થયા પછી સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાતાં તેઓનું મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે, કાલાવડના કૈલાશ નગરમાં રહેતા અને મજૂરી કામ કરતા રાજુભાઈ ગાંડુભાઈ મકવાણા નામના ૬૦ વર્ષના બુઝુર્ગ કે જેઓ એકાદ વર્ષથી બીમાર રહેતા હતા, અને ગઈકાલે તેઓને લોહીની ઉલટી થતાં બેશુદ્ધ બન્યા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર નિલેશ રાજુભાઈ મકવાણા એ પોલીસને જાણ કરતાં કાલાવડ ટાઉન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના ફરાર આરોપીને કોર્ટમાં હાજર થવા જાહેરનામું બહાર પડાયું

જામનગર : જામનગરની મેન્ટલ હોસ્પિટલના આરોપી ડૉ.હેમંત કુમાર સુરેન્દ્રરાય બૂચ, ઉ.વ.૭૧ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૬૧ તથા ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૫(૨) હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે અથવા ગુન્હો કર્યો હોવાનો શક છે તે ઉપરથી કાઢવામાં આવેલાં ધરપકડ વોરંટ પર એવા શેરો થઈ આવેલ છે કે સદરહુ આરોપી મળી આવતા નથી તે સદરહુ ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા કરે છે. આથી આરોપીએ તે ફરિયાદનો જવાબ આપવા સ્પેશિયલ જજ તથા એડિશનલ સેસન્સ જજ જામનગર સમક્ષ હાજર થવા જહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં ક્રિકેટ પર સટો ખેલતો શખ્સ ઝડપાયો : બૂકીનું નામ ખુલ્યુ

જામનગર : જામનગરના હવાઈ ચોક વિસ્તારમાંથી વધુ એક વેપારીને મોબાઈલ ફોનમાં ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમતાં પોલીસે પકડી પાડયો છે, જયારે તેની સાથે ક્રિકેટના સોદાની કપાત કરનાર મુખ્ય બુકીને ફરારી જાહેર કરાયો છે.

જામનગરમાં રવિ પાર્ક વિસ્તારમાં રહેતો હરેશ જોઈથરામ આઠવાણી નામનો સિંધી વેપારી હવાઈ ચોક વિસ્તારમાં જાહેરમાં ઊભા રહીને પોતાના મોબાઈલ ફોનની એપ્લિકેશનમાં આઈપીએલની ક્રિકેટમેચ પર રનફેરનો સટ્ટો રમતાં મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી લઈ મોબાઈલ ફોન અને ૩૭૫૦ની રોકડ રકમ વગેરે કબજે કરી લીધા હતા.પોલીસની પૂછપરછ દરમિયાન પોતે જામનગરના ૮૭૫૮૯ ૩૩૨૭૯ નંબરના વપરાશ કરતા મુખ્ય બુકી સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાથી તેને ફરારી જાહેર કરાયો છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# સાયબર સિક્યુરિટી માટે જનજાગૃતિ

એક સમયે બેંકની બહાર ધાડપાડુઓ ઉભા રહેતા અને કોઈ સિનિયર સિટીઝન કે અન્ય કોઈ વ્યક્તિના હાથમાંથી પૈસા ભરેલી થેલીને ઝૂંટવીને ભાગી જતા. આવા ગુનેગારો પકડાઈ જતા પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં અદ્રશ્ય ધાડપાડુ દરિયા પાર ના દેશોમાં બેઠા હોવા છતાં તમારું બેન્ક એકાઉન્ટ સફા ચટ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે અને પહોંચી વળવા માટે સરકાર દ્વારા આરબીઆઇ અને વિવિધ બેંકો દ્વારા સાયબર સિક્યુરિટી સામે જનજાગૃતિ માટે પ્રયાસો થાય છે જેની આજે ખાસ જરૂર છે જેથી સામાન્ય માનવી બેંકના એકાઉન્ટનું પ્રોટેક્શન કરી શકે. વિજ્ઞાન અને ટેકનોલોજી ના વિકાસને કારણે આર્થિક વ્યવહાર એકદમ સરળ બની ગયા છે કોઈપણ માણસ આજે ડિજિટલ ટેકનોલોજી નો ઉપયોગ કરીને બેન્કિંગ વ્યવહાર કરી શકે છે પણ આ સરળતાને કારણે જ આ નવી આધુનિક સિસ્ટમમાં ફ્રોડ થવાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે જે ચિંતાનો સૌથી મોટો વિષય છે

ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. વપરાશકર્તાના સંતોષને વધારવા તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઈનો ઉપયોગ કરાશે તેમ કેશફ્રી પેમેન્ટ્સના સીઈઓ આકાશ સિન્હાએ જણાવ્યું હતું.

ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સની વૃદ્ધિને - કોણ આગળ લઈ જઈ રહ્યું છે? આ સેક્ટરના મહત્ત્વના ટ્રેન્ડ્સ પણ જણાવો. યુપીઆઈ અને ક્યુઆર કોડ જેવી સરકારી પહેલોએ ઓનલાઇન ડિજિટલ વ્યવહારો અપનાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે અને ફિનટેક ક્ષેત્રને ફૂલવાફાલવા માટે સાનુકૂળ માહોલ પૂરો પાડ્યો છે જેના લીધે સમગ્ર ઇકોસિસ્ટમ વધુ સમાવેશક બની છે. ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. આખરે, વપરાશકર્તાના સંતોષને વધારવા- તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઇનો ઉપયોગ કરાશે.

ગ્રાહકોમાં વિશ્વાસ કેળવવા માટે ડિજિટલ સિક્યોરિટી કેવી રીતે સુનિશ્ચિત થઈ શકે? સુરક્ષિત અને સલામત ડિજિટલ વ્યવહારો માટે ઇકોસિસ્ટમને બનાવવી તથા સતત મજબૂત કરવી અનિવાર્ય છે. ભારતીય ફિનટેક કંપનીઓએ રિસ્ક મેનેજમેન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જે છેતરપિંડીભર્યા વ્યવહારો મેનેજ કરવા તથા નિયંત્રણ લાવવા તેમજ સાયબરક્રાઈમને નાથવા માટે વ્યવસાયોને સશક્ત બનાવે. વાસ્તવમાં, એઆઈ અને મશીન લર્નિંગ (એમએસ) ઇન્ટિગ્રેશન્સે છેતરપિંડીને પકડી પાડવામાં, નાણાંકીય નુકસાન ઘટાડવા તથા ગ્રાહકોનો વિશ્વાસ વધારવામાં સફળતા મેળવી છે. આવી સિસ્ટમ્સનો લાભ લઈને ઇન્ટેલિજન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જેથી ઊભરતી સલામતીની

# કેટલો હોય છે સાંસદોનો પગાર, કઈ કઈ સુવિધાનો ઉઠાવી મળે છે લાભ ?

વિશેષ

## સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફત મુસાફરી કરી શકે છે



પ્રજાના પ્રતિનિધિ તરીકે પાર્લામેન્ટમાં બેસતા સાંસદો સરકારમાંથી અનેક ભથ્થા મેળવી રહ્યાં છે. એક સંસદસભ્ય જ્યારે ચૂંટાઇને પાર્લામેન્ટમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને મહિને ઓછામાં ઓછાં ૩.૪૦ લાખ રૂપિયાનો પગાર અને ભથ્થાં મળતા હોય છે. સંસદના સત્રમાં હાજરી આપવા દૈનિક ૨૦૦૦ રૂપિયા અપાય છે. એટલું જ નહીં, સાંસદોનો પગાર દર પાંચ વર્ષે વધે છે. તેઓ કાર્યકાળ માટે ભાડામુક્ત આવાસની સુવિધા પણ મેળવે છે.

તેમનો પગાર અને ભથ્થાં ટેક્સ ફ્રી હોય છે. આ સાંસદ જ્યારે નિવૃત થાય છે તેઓ અને તેમનું ફેમિલી પેન્શન મેળવવા હક્કદાર બને છે જેની રકમ સાંસદના કાર્યકાળ પ્રમાણે પ્રતિ માસ ૨૫ હજારથી ૩૯ હજાર રૂપિયા સુધી હોય છે. સાંસદને દર મહિને ૭૦ હજાર રૂપિયા લોકસભા વિસ્તારના ભથ્થાના રૂપમાં મળે છે. આ સિવાય સાંસદને દિલ્હી સ્થિત પોતાના ઘર કે દિલ્હીની ઓફિસમાં ટેલિફોન લગાવવા પર કોઇ ચાર્જ આપવો પડતો નથી, તેને ૫૦ હજાર ફ્રી લોકલ કોલની સુવિધા મળે છે. સાંસદને દર મહિને ઓફિસ ખર્ચ ભથ્થા તરીકે ૬૦ હજાર રૂપિયા મળે છે.

એક સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફત મુસાફરી કરી શકે છે. આ પાસ કોઇ પણ ટ્રેનની ફર્સ્ટ ક્લાસ એસી અથવા એક્ઝિક્યુટિવ ક્લાસમાં માન્ય ગણાય છે. કામ માટે વિદેશ પ્રવાસ કરવા પર પણ સાંસદને ભથ્થુ આપવામાં આવે છે. ટિકિટની સુવિધા વિદેશથી પરત આવવા પર પણ મળે છે. આ સિવાય તેને મેડિકલ ફેસિલિટી પણ મળે છે.

# લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન

કરંટ ટોપિક

## દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે



સોફ્ટવેર અપડેટની આખી શૃંખલા સમયાંતરે આવે છે ત્યારે ફોન નવો લીધો હોય એવી ફિલિંગ્સ આવે છે, પણ જ્યારે ફોન નવો લેવાનો હોય ત્યારે? હૈયામાં વગર ચોમાસે સૂનામી આવે એટલી ઊંચાઈએથી ઉત્સાહના ઘોડા થનગનતા હોય છે તો ક્યારેક એવું બને છે કે, દુકાનદાર જૂનો મોબાઈલ લઈ લે અને એના બદલામાં નવો આપે. એ પણ કેટલાક પૈસા કાપીને. સમગ્ર દેશમાંથી આ પ્રકારે જે ધંધો થાય છે એમાં દૈનિક ધોરણે કેટલાં મોબાઈલ દરરોજ સ્ક્રેપ-ભંગાર ભેગો થતાં હશે? એક સર્વે અનુસાર દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે. ખાસ કરીને કોરોના કાળ બાદ આવા સ્ક્રેપમાં નેટ ૧૯ ટકાનો વધારો થયો, કારણ કે, ઓનલાઈન પ્લેટફોર્મ આવતા ડિવાઈસ નિર્ભરતા વીજ સપ્લાયમાં વોલ્ટેજ ઘટે એમ એકાએક ઘટી જાય.

ડિજિટલ વેસ્ટ એટલે કે માત્ર ડિવાઈસ વેસ્ટને લઈને સ્ક્રેપના આંકડા પર નજર કરીએ તો આઘાત લાગે એવું પરિણામ છે. ઈન્ટરનેટની જાદુઈ દુનિયા પાછળ કાંટા ઊભા કરતો કચરો પર્યાવરણ માટે પણ જોખમી સાબિત થઈ રહ્યો છે. લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, સ્ક્રિન ગાર્ડ, ઈયરબડ્સ, બડ્સની કેપ જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન છે. ડાયરેક્ટ નાશ કરવા જાય તો પર્યાવરણ બગડે અને તોડફોડ કરીએ તો એ બીજાને પણ નુકસાન પહોંચાડે.

આ દિશામાં જર્મનીના એક આઈટી પ્રોફેશનલ્સ ગ્રૂપે એક ઈનોવેશન કર્યું છે. આ એવું ઈનોવેશન- એક એવી નવીનતા છે, જેને રિસાઈકલ કરવાની જરૂર નથી. થોડું કાપકૂપ કરીને ડાયરેક્ટ યુઝ કરી શકાય છે. ખરાબ થઈ ગયેલા માઉસ-પેડથી., જેના વાયર કટ કરીને ઘરમાં નાની એવી જગ્યા પર વરગણી બનાવી શકાય. જેના પર નેપકિન્સ કે મહોતૂ સૂકવી શકાય. આ કેબલ્સ થોડા મજબૂત હોવાથી ભારે સામાન પેક કર્યો હોય તે એની પર ટ્વિસ્ટ વાયરથી લોક કરી શકાય. બધી વસ્તુ રિ-સાઈકલ થતી નથી, કારણ કે પ્લાસ્ટિક કે અન્ય મજબૂત કેમિકલ્સમાંથી બનતી વસ્તુ જ્યારે નાશ થાય ત્યારે નુકસાન તો કરે જ છે. ઝેર પોતાનો સ્વભાવ ન છોડે એમ આવાં કેટલાક ડિવાઈસનો કોઈ તોડ નથી. બસ, સ્માર્ટનેસ વાપરીને રિ-યૂઝ થાય તો ફાયદામાં. લેપટોપ ખરાબ થઈ જાય તો એની અંદરથી જે સારું છે એ કોઈ એસેમ્બલવાળાને આપી શકાયપ

જો સ્ક્રિન ગઈ હોય તો સ્ક્રિન અલગ કરીને એનો ટ્રે તરીકે યુઝ કરી શકાય. વસ્તુ પણ એના પર સ્મૂથ રહેશે અને લાગશે પણ કંઈક નવીન. આવું તો કેટલુંય છે, પણ જે રીતે આ કચરો વધે છે એ જોખમી છે. આ પાછળનું કારણ ઝડપથી અપડેટ થતી ટેકનોલોજી અને હાર્ડકોર યુઝેજ-વપરાશ છે.

આવો કચરો મોટા પ્રમાણમાં આફ્રિક્ધસ કંટ્રીમાં, જ્યાં શ્રમિકો વધારે છે અને એમના ખિસ્સાને આઈફોન જેવા ફોન પરવડે એમ નથી. આવા લોકો માટે સારી કંડિશનવાળા ડિવાઈસ કે લેપટોપ પણ મેકબૂક સમાન છે, કારણ કે, એટલા ગરીબ પ્રાંતમાં આ વસ્તુ પણ એમના જીવનધોરણને અપગ્રેડ કરે છે.

મોટી સંખ્યામાં ડેસ્કટોપ પડ્યા છે? એના સીપીયુ ખાસ કંઈ કામના નથી? તો કોઈ ભઠ્ઠીવાળાને ત્યાં આ લોઢું કામ આવી શકે છે. એની સામે કોઈ નાની એવી રેક કે કસરત માટેના રોડ (પાઈપ) બનાવી શકાય. નાના મોટા અને કસ્ટમાઈઝેશન તે ભઠ્ઠીવાળા જ કહી શકે. અત્યારે ઘણી એવી કંપનીઓ છે જે રિસાઈકલ પ્રોડક્ટમાં કંઈક નવા-જૂની કરીને નવી પ્રોડક્ટ તૈયાર કરે છે.

આમાં કેટેગરી વિચારીએ તો ગેલેક્સી જેવી ગેલેરી બની જાય. એક સત્તાવાર આંકડા મુજબ ૫૭ મિલિયન મેટ્રિક ટન માત્ર ડિજિટલ વેસ્ટ છે. જ્યારે ભારત જેવા દેશમાંથી વાર્ષિક ધોરણે ૧૦૦ ટન માત્ર આવા ડિવાઈસના બોક્સ સ્ક્રેપમાં આવે છે. ચલો, હવે મોબાઈલના બોક્સ તો તમારી પાસે પણ હશે. આનો ઉપયોગ રૂમાલ, મોજા અને કેશ સાચવવા માટે કરી શકાય. કેશ હોય તો એને વાળવા નહીં પડે એવી રીતે સચવાશે. વાળશો તો વધારે સચવાશે. હા, આ બોક્સને ચારેય બાજુથી સેલોટેપ્સ મારીને વધુ મજબૂત કરી શકાય છે.

આ ઉપરાંત લેડિઝ વર્ગ પોતાની ઝીણી ઝીણી જ્વેલરી કે ઓર્નામેન્ટ પણ મૂકી શકે છે. ઉપરથી બંધ થતા બોક્સ હોવાથી અંદર તૂટવાના ચાન્સ ઓછા રહે છે. આવી નવી વસ્તુ બનાવવાનો પણ એક રોમાંચ હોય છે. ક્રિએટિવિટીના કમાલના રિઝલ્ટ જોઈને અન્ય લોકો ચોંકશે એ નક્કી છે.

# સંકટ મોચન હનુમાનજી મહારાજના પરચા અપરંપાર

## હનુમાનજી મહારાજ ભગવાન શિવના રુદ્ર અવતાર છે દયાળુ દેવ છે પરંતુ તેની ભક્તિને ઉપાસના કરતી વખતે ચોક્કસ પ્રકારના નિયમોનું પાલન કરવું અતિ જરૂરી છે શનિદેવ પણ દયાવાન છે પરંતુ તે સાચા માણસોની સાથે!



હનુમાનજી મહારાજ રુદ્ર અવતાર છે તેઓ રામા અવતારમાં પણ હતા અને કૃષ્ણ અવતારમાં પણ હતા અને આજની તારીખે પણ તે ભક્તોના દુઃખ દૂર કરે છે. જરૂર છે માત્ર સાચા દિલથી તેની ભક્તિ કરવાની. તે ભક્ત વત્સલ છે. હનુમાન જયંતિના દિવસે માનવીએ અમુક ભૂલ ન કરવી જોઈએ નહીં તો બજરંગબલીની સાથે શનિદેવ પણ ક્રોધિત થઈ જશે.

હનુમાનજી મહારાજ ભાંગ્યાના ભેરુ છે સંકટ મોચન છે દયાળુ દેવ છે જ્યારે શનિદેવ ખોટા કપટી અને કાવા દાવા કરનાર માણસ વચ્ચે અતિશય કુરતાથી વર્તે છે. પરંતુ જે માનવી સાચા છે નિષ્ઠાવાન છે કોઈ પાસે કશું માંગતા નથી માત્ર પોતાની ફરજ નિભાવે છે અને દુઃખ સહન કરે છે પરંતુ સતનો માર્ગ મુકતા નથી તેવા લોકો માટે શનિદેવ અતિશય દયાળુ છે અને તેના પર પૂર્ણ કૃપા કરે છે શનિવાર બંને દેવો માટેનો સર્વોત્તમ વાર છે ભાવનગરમાં આવેલા રૂખડિયા હનુમાન મહારાજ એવા દેવ છે. જે ભક્તોની મનોકામના તુરત પૂર્ણ કરે છે રૂખડિયા હનુમાન મહારાજ ૪૫૦ વર્ષ થી અહીં બિરાજમાન છે અને તે વિરાસનમાં છે અહીં હનુમાનજી મહારાજને ગાંઠિયા ધરવામાં આવે છે રૂખડીયા હનુમાનના અનેક પરચાઓ પ્રસિદ્ધ છે.

હનુમાન જયંતિના દિવસે ઉપવાસ અને પૂજા કરવાથી ભક્તો મુશ્કેલી ચોક્કસ દૂર થાય ભક્તો સંકટ નિવારકના આશીર્વાદ મેળવે છે. પરંતુ આ દિવસે કયા કામ કરવાથી બચવું જોઈએ તે જાણવું જરૂરી છે બાકી હનુમાનજી મહારાજની કથાઓ તો સૌ અનુભવી શકે છે પરંતુ તેની કૃપા મેળવવાના રસ્તા જાણવા આજની તારીખે ખાસ જરૂરી છે

હનુમાન જયંતિનો પવિત્ર તહેવાર ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે. હનુમાનજીનો જન્મ ચૈત્ર શુક્લ પૂર્ણિમાના દિવસે થયો હતો અને તેથી જ દર વર્ષે આ તિથિએ હનુમાન જયંતિ ઉજવવામાં આવે છે.

સંકટમોચનની પૂજા કરવાથી ભક્તો તેમના આશીર્વાદ મેળવે છે, પરંતુ કેટલીક એવી પ્રવૃત્તિઓ છે જે તમારે આ દિવસે કરવાથી બચવું જોઈએ. જો તમે આ કામ કરો છો તો માત્ર હનુમાનજી જ નહીં પરંતુ શનિદેવ પણ તમારાથી નારાજ થઈ શકે છે.

હનુમાનજી બ્રહ્મચારી છે અને ભગવાન ઈચ્છે છે કે તેમના ભક્તો ખાસ દિવસોમાં તેમના જેવું વર્તન કરે. તેથી, જો તમે ઈચ્છો છો કે હનુમાનજી તમારાથી નારાજ ન થાય, તો તમારે હનુમાન જયંતિના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. જો તમે ઈચ્છો છો કે હનુમાનજીના આશીર્વાદ તમારા પર વરસે તો હનુમાન જયંતિના દિવસે માંસ, દારૂ અને વેર વાળી વસ્તુઓનું સેવન ન કરો.

હનુમાન જયંતિના દિવસે તમારે તમારી આસપાસના વાતાવરણ અને મનને શુદ્ધ રાખવું જોઈએ અને ગુસ્સો કરવાથી બચવું જોઈએ. જો તમારા મનમાં કોઈના પ્રત્યે ખરાબ વિચાર આવે છે તો હનુમાનજી તમારાથી નારાજ થઈ શકે છે. આ દિવસે તમારે ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ. તમારે હનુમાનજીની પૂજા દરમિયાન ચરણામૃતનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ અને પૂજા સ્થાન પર હનુમાનજીની તૂટેલી પ્રતિમા અથવા ફાટેલી તસવીર પણ ન રાખવી જોઈએ.

જો તમે આ દિવસે તમારા માતા-પિતા, શિક્ષક અથવા વડીલોનું અપમાન કરો છો, તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી શકો છો. જો તમે આ દિવસે ભગવાન હનુમાનની પૂજા કરવા અથવા વ્રત રાખવા જઈ રહ્યા છો, તો ભગવાન રામનું ધ્યાન કરવાનું ભૂલશો નહીં. આ દિવસે હનુમાનજીની પૂજા કરવાની સાથે ભગવાન રામની પણ પૂજા કરવી જોઈએ. જો તમે આ દિવસે હનુમાનજીની મૂર્તિ રામજીની પૂજા નહીં કરો તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી જશો.

હનુમાનજીએ એક વખત શનિદેવને રાવણના કેદમાંથી

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

મુક્ત કરાવ્યા હતા અને તેમના શરીરના દુખાવાથી રાહત મેળવવા માટે તેમના શરીર પર સરસવનું તેલ પણ લગાવ્યું હતું. આનાથી શનિદેવને ઘણી રાહત થઈ અને તેમણે હનુમાનજીને વચન આપ્યું કે, હું તમારા ભક્તો પર ક્યારેય ક્રૂર નજર નહીં નાખીશ અને તમારા કોઈપણ ભક્ત જે મને સરસવનું તેલ ચડાવશે તેના તમામ દુઃખો હું દૂર કરીશ. અહીં જો સરસવનું તેલ ન મળે તો બીજું કોઈ પણ તેલ ચાલી શકે છે શનિદેવની જે તેલ ચઢાવો તે શનિવારે ચડાવો અને તેમાં કાળા તલ નાખવા જરૂરી છે જેથી તેનું ફળ તાત્કાલિક મળે.

જો તમે હનુમાન જયંતિના દિવસે કંઈક એવું કરો છો જેનાથી હનુમાનજી ગુસ્સે થાય, તો તમે પણ શનિદેવની ક્રૂર નજરનો શિકાર બની શકો છો.

આ સાથે જ તમારે હનુમાન જયંતિના દિવસે લોખંડની ખરીદી ન કરવી જોઈએ કે કાળા કપડા ન પહેરવા જોઈએ, જો કે આ બંને વસ્તુઓ શનિદેવને પ્રિય છે પરંતુ હનુમાનજીને આ વસ્તુઓ પ્રિય નથી. તેથી, આ દિવસે કાળા કપડા પહેરીને અને લોખંડની વસ્તુઓ ખરીદવાથી તમે હનુમાનજી અને શનિદેવ બંનેને નારાજ કરી શકો છો. હિંદુ ધર્મમાં દર વર્ષે ચૈત્ર મહિનાની શુક્લની પૂર્ણિમાની તિથિએ હનુમાન જયંતિ ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવે છે કારણ કે આ દિવસે હનુમાનજીનો જન્મ થયો હતો. આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના રોજ ઉજવવામાં આવશે. હનુમાન જયંતિને 'હનુમાન જન્મોત્સવ' કહેવું વધુ યોગ્ય રહેશે કારણ કે એવું માનવામાં આવે છે કે બજરંગબલી હજુ પણ પૃથ્વી પર છે. આજે પણ તેઓ દરેકની સમસ્યાઓનું નિરાકરણ કરે છે તેથી તેમને સંકટમોચનના નામથી પણ ઓળખવામાં આવે છે.

હનુમાન જન્મોત્સવના અવસર પર દર વર્ષે બજરંગબલીની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરોમાં અનેક શુભ માંગલિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે અને લોકો પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાની કામના કરે છે. જો તમે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરમાં જઈને હનુમાનજીની પૂજા કરી શકતા નથી. તો તમે ઘરે બેસીને કેટલાક નિયમોનું પાલન કરીને પણ પૂજા કરી શકો છો.

હનુમાન જન્મોત્સવ તિથિ

પંચાંગ પ્રમાણે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમા તિથિ ૨૩ એપ્રિલના રોજ સવારે ૩:૨૫ વાગ્યાથી શરૂ થશે અને ૨૪ એપ્રિલના રોજ સવારે ૫:૧૮ વાગ્યે સમાપ્ત થશે. તેથી આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના દિવસે ઉજવવામાં આવશે.

હનુમાન જન્મોત્સવ પૂજાનું આ શુભ મુહુર્ત છે.

હનુમાનજીની પૂજા કરવા માટેનું શુભ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૯:૦૩ વાગ્યાથી ૧૦:૪૧ સુધી રહેશે. બ્રહ્મ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૪:૨૦ વાગ્યાથી ૦૫:૦૪ વાગ્યા સુધી રહેશે. આ શુભ મુહુર્તમાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. હનુમાન જયંતિના દિવસે અભિજીત મુહુર્ત સવારે ૧૧:૫૩ વાગ્યાથી ૧૨:૪૬ વાગ્યા સુધી રહેશે.

હનુમાનજીની પૂજા વિધિ

હનુમાન જન્મોત્સવના દિવસે જે લોકો વ્રત રાખે છે તેમણે આખો દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે. આ દિવસે સવારે બ્રહ્મ મુહુર્તમાં ઉઠીને ભગવાન શ્રી રામ, માતા સીતા અને હનુમાનજીનું સ્મરણ કરવું અને વ્રતનો સંકલ્પ લેવો. ઘરમાં પૂજા સ્થાન પર હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરવી અને વિધિ પૂર્વક પૂજા કરવી. હનુમાનજીને શુદ્ધ જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ સિંદૂર અને ચાંદીના વર્ક સાથે અબીર, ગુલાલ, ચંદન અને ચોખા ચઢાવવા. આ પછી સુગંધિત ફૂલ અને ફૂલની માળા અર્પણ કરવી અને નારિયેળ ચઢાવવું. ત્યારબાદ કેવડા કે પછી અન્ય સુગંધિત અત્તર લગાવવું. હનુમાનજીની મૂર્તિના હૃદયના ભાગ પર ચંદનથી શ્રી રામ લખવું. તેવી જ રીતે શ્રદ્ધા પૂર્વક તમે જે પણ અર્પણ કરવા માંગો છો તે અર્પણ કરી શકો છો.

હનુમાનજીની પૂજા કર્યા બાદ ચાલીસા અથવા સુંદરકાંડનો પાઠ કરવો. જો તમે તેમ ન કરી શકો તો ફક્ત શ્રી રામના નામનો જપ કરવો. અંતમાં હનુમાનજીને નૈવેદ્ય ચઢાવીને આરતી કરવી અને લોકોમાં પ્રસાદ વહેંચવો. હનુમાન જન્મોત્સવનું મહત્વ જેવું તેવું નથી હિન્દુ ધર્મમાં હનુમાન જયંતિનું વિશેષ મહત્વ છે. આ પર્વને શક્તિ, ભક્તિ અને નિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે ભગવાન હનુમાનની વિધિ-વિધાનથી પૂજા કરવાથી વ્યક્તિને તમામ પ્રકારના દુઃખોમાંથી મુક્તિ મળે છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ સાથે જ ભગવાન શ્રી રામ પણ પ્રસન્ન થાય છે

# રાજકારણીઓ સામે વર્ષો ચાલતા કેસોનો હવે ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છેઃ રિપોર્ટ

## ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો

નવિદલ્હી
સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોમાં સુપ્રીમ કોર્ટની સતત દેખરેખને કારણે, સાંસદો/ધારાસભ્યો અંગેના નિર્ણયો ટૂંક સમયમાં આવી રહ્યા છે. એમિકસ ક્યુરીએ દાખલ કરેલા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો હતો. જેના પરથી સ્પષ્ટ થાય છે કે વર્ષોથી ચાલતા જનપ્રતિનિધિઓ સામેના કેસોનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. ૨૦૧૩ માં, સર્વોચ્ચ અદાલતે ઈૅ એક્ટની કલમ ૮(૪) ને રદ્દ કરી હતી. જેમાં દોષિત સાંસદો/ધારાસભ્યોને બે વર્ષથી વધુની જેલની સજા ફટકારી હતી. જો તેઓ દોષિત ઠરાવ્યાના ૯૦ દિવસની અંદર ઉચ્ચ મંચ પર તેમની દોષિતતા સામે અપીલ દાખલ કરે તો તેમને ગૃહમાં તેમની બેઠકો જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં, ગેરલાયકાત આપોઆપ રદ થાય છે જો દોષિત ઠરાવવામાં આવે તો બે વર્ષ કે તેથી વધુ સમય માટે અને સાંસદો/ધારાસભ્યો ગૃહમાં તેમની બેઠકો ત્યારે જ મેળવી શકે છે જો ઉચ્ચ મંચ દ્વારા નિર્દોષ જાહેર થાય અથવા સજાને રોકવામાં આવે.

ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે પડતર કેસોના એડવોકેટ સ્નેહા કલિતાની મદદથી ડેટાનું સંકલન, એમિકસ ક્યુરી અને વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ સુપ્રીમ કોર્ટમાં તેમના ૨૦મા અહેવાલમાં, સુપ્રીમ કોરટમાં જણાવ્યુ છે કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે તબક્કા-૧ અને તબક્કા-૨ માટે ૨,૮૧૦ ઉમેદવારોમાંથી (તબક્કો-I – 1,618, અને તબક્કા-II – 1,192), ૫૦૧ (૧૮%) ઉમેદવારો સામે ફોજદારી કેસ છે. જેમાંથી ૩૨૭ (૧૨%) ગંભીર પ્રકૃતિના છે (પાંચ વર્ષ અને તેથી વધુ કેદની સજાને પાત્ર). હંસરિયાએ સાંસદો/ધારાસભ્યો સામે ફોજદારી કેસોના નિકાલમાં પ્રોત્સાહક વલણની વિગતો આપી હતી.

# લખનઉએ ચેન્નઈને બીજી વખત હરાવ્યું

## માર્કસે ૬૩ બોલમાં ૧૨૪ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી

ચેન્નઈ,
માર્કસ સ્ટોઈનિસની સદીની મદદથી લખનઉ સુપર જાયન્ટ્સે IPL-2024માં ચેન્નઈ સુપર કિંગ્સને ૬ વિકેટથી હરાવ્યું. LSGની આ સિઝનની પાંચમી જીત છે. ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૦ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને આવી ગઈ છે.

મંગળવારે ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં લખનઉએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. લખનઉએ ૨૧૧ રનનો ટાર્ગેટ ૧૯.૩ ઓવરમાં ૪ વિકેટે ચેઝ કરી લીધો હતો. માર્કસ સ્ટોઈનિસે ૬૩ બોલમાં અણનમ ૧૨૪ રનની સદી ફટકારી હતી. તેણે ૧૩ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પૂરને ૧૫ બોલમાં ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. મથિશ પથિરાનાને બે વિકેટ મળી હતી.




CSK તરફથી ઋતુરાજ ગાયકવાડે ૬૦ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં ૧૨ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. શિવમ દુબેએ ૨૭ બોલમાં ૬૬ રન બનાવ્યા હતા. તેણે ૩ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. મેટ હેનરી અને મોહસીન ખાનને એક-એક વિકેટ મળી હતી.

# મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ અને દીપિકા સાથે અમિતાભ પણ જોવા મળશે

નવિદલ્હી
સદીના મહાનાયક અને બૉલીવુડ ના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન આ દિવસોમાં તેમની બહુપ્રતિક્ષિત આગામી મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮' માટે ખૂબ ચર્ચામાં છે, જેમાં દક્ષિણના સુપરસ્ટાર પ્રભાસ અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ઘણા પોસ્ટર સતત રિલીઝ થઈ રહ્યા છે તેની સાથેજ ફિલ્મનું બિગ બીનું પોસ્ટર શેર કરતી વખતે જણાવવામાં આવ્યું હતું કે રવિવારે તેમના પાત્ર વિશે માહિતી આપવામાં આવશે.







અમિતાભ બચ્ચને તેમની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ છ્હ' નું બીજુંનવું પોસ્ટર તેમના ઈન્સ્ટાગ્રામ પર રિલીઝ કર્યું છે, જેમાં તેમની તીક્ષ્ણ આંખો જોવા મળે છે અને તેમનું આખું મોં કપડાથી ઢંકાયેલું જોવા મળે છે. આ સાથે એવું કહેવામાં આવ્યું છે કે સ્ટાર સ્પોર્ટ્સ પર તેના પાત્રને થોડા સમય પછી જાહેર કરવામાં આવશે, જેને લઈને ચાહકો પણ ખૂબ જ ઉત્સાહિત છે અને તેના પાત્ર વિશે જાણવા માટે આતુર છે. નાગ અશ્વિન દ્વારા નિર્દેશિત અને વૈજયંતી મૂવીઝ દ્વારા નિર્મિત 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ, કમલ હસન અને દિશા પટણી જેવા કલાકારો જોવા મળશે.

# બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે - ઈસરો

## ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે

નવિદલ્હી
હિમાલયના પર્વતોને વિશ્વનો ત્રીજો ધ્રુવ કહેવામાં આવે છે. કારણ મોટી સંખ્યામાં અને જથ્થામાં હિમનદીઓની હાજરી છે. અને ઘણો બરફ. પરંતુ ગ્લોબલ વૉર્મિંગને કારણે આ વિસ્તાર ખૂબ જ પ્રભાવિત થઈ રહ્યો છે. બરફ પીગળી રહ્યો છે. હિમનદીઓ સંકોચાઈ રહી છે. તેની અસર સામાજિક રીતે પણ જોવા મળે છે.

હિમનદીઓનું સંકોચન એટલે બરફનું ઝડપથી પીગળવું. એટલે કે જ્યાં પણ પહાડો પરથી વહેતું પાણી એકઠું થાય છે, ત્યાં હિમનદી તળાવો બને છે. પાણી ઉમેરાવાને કારણે હિમાલયમાં જૂના હિમનદી સરોવરોનું કદ પણ વધે છે. આ હિમનદીઓ અને બરફ ભારતની નદીઓના સ્ત્રોત છે. પરંતુ આ બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે.

આ ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે. જેમ કે કેદારનાથ, ચમોલી અને સિક્કિમમાં અકસ્માતો થયા છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અચાનક પૂર અને ભૂસ્ખલનનો ખતરો છે. ગ્લેશિયલ સરોવરો ફાટી જાય છે જ્યારે કોઈ ભારે વસ્તુ તેમાં પડે છે અથવા જ્યારે પાણીનું પ્રમાણ વધે છે ત્યારે તેની દિવાલો તૂટી જાય છે. ઈસરો ઉપગ્રહો દ્વારા આના પર નજર રાખે છે. નવા સરોવરોનું નિર્માણ થઈ રહ્યું છે તેમજ જૂના સરોવરોનું કદ વધી રહ્યું છે.

# દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે

મુંબઈ,
૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલ ૨૦૨૪માં શાનદાર બેટિંગ કરી રહ્યો છે. દિનેશ કાર્તિક અત્યાર સુધી આક્રમક બેટિંગ કરીને ટીમ માટે રન બનાવવામાં સફળ રહ્યો છે અને રોયલ ચેલેન્જર બેંગ્લોરના વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે આ મેચ દરમિયાન એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલના સૌથી વૃદ્ધ ખેલાડીઓમાંથી એક છે. દિનેશ કાર્તિકે વર્ષ ૨૦૦૮માં આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. રવિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમાયેલી મેચ દિનેશ કાર્તિકની આઈપીએલ કારકિર્દીની ૨૫૦મી મેચ છે.

દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે. દિનેશ કાર્તિક સિવાય માત્ર રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીએ આ સિદ્ધિ મેળવી છે.





# દરેક વસ્તુની એક લિમિટ હોય નાઈટસૂટમાં તો ફોટો ન લેવાયનેઃ સોનાલી બેન્દ્રે

મુંબઈ,
સોનાલી બેન્દ્રે, જયદીપ અહલાવત અને શ્રિયા પિળગાંવકરની 'ધ બ્રોકન ન્યુઝ' સિરીઝની બીજી સીઝન ત્રીજી મેએ રિલીઝ થવાની છે. સોનાલી બેન્દ્રે એમાં 'આવાઝ ભારતી' નામની ન્યુઝ ચૅનલની હેડ અમીના કુરેશીના પાત્રમાં છે. સોનાલી બેન્દ્રેએ આ સંદર્ભમાં રિયલ મીડિયા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'મારી કરીઅર દરમ્યાન મીડિયા સાથે મારો પ્લસ-માઇનસ સંબંધ રહ્યો છે.

ગૉસિપ્સ વગેરે મારા વિશે એક સમયે આવી ચૂકી છે. ત્યારે નવાઈ લાગતી, ગુસ્સો પણ આવતો; પણ હવે આ પાત્ર કર્યા પછી લાગે છે કે પત્રકારો પર કેવું પ્રેશર હોય છે. હવે હું તેમને માનવીય રીતે જોઉં છું. ખ્યાલ આવ્યો કે તેમના પર પણ પ્રેશર હોય છે.'

આજે ડિજિટલ મીડિયાના જમાનામાં સેફ સ્પેસ ઓછી કે ઝીરો થઈ ગઈ છે એમ જણાવતાં સોનાલી બેન્દ્રેએ કહ્યું હતું કે 'હવે તમે માત્ર ચાર દીવાલની અંદર જ કૅમેરાથી બચેલા છો. જેવા રૂમમાંથી બહાર નીકળ્યા એટલે જેના હાથમાં મોબાઇલ છે એ બધા જર્નલિસ્ટ છે આજે. તેઓ એક ક્લિક કરીને ઇન્ટરનેટ પર મૂકે એટલે બધું પૂરું!' પાપારાઝી એટલે કે અત્રતત્રસર્વત્ર પહોંચી જતા ફોટોગ્રાફરોના કલ્ચર વિશે વાત કરતાં સોનાલીએ કહ્યું હતું કે 'પાપારાઝી નવું આવ્યું ત્યારે ગમેતેમ ફોટો પાડતા. તમે થાકેલા હો, તબિયત સારી ન હોય તોય ફોટો પડી જાય અને નીચે કમેન્ટ્સ આવે કે જુઓ મેકઅપ વિના આ હિરોઇન કેવી લાગે છે. પણ હવેનું પાપારાઝી જુદું છે. હવે હું રિક્વેસ્ટ કરું છું કે આજે નહીં, બે દિવસ પછી ફોટો આપીશ. તેઓ સ્પેસ આપે છે. તેઓ એવું પણ કહે છે કે આ ફોટો નથી ચાલતા, મેકઅપ વિના આપો!



# કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત

કુવૈત,
કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત થઈ છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી હતી. મહત્વનું છે કે કુવૈતમાં ભારતીય સમુદાયનો મોટો વર્ગ છે ત્યારે હિંદીમાં રેડિયો પ્રસારણની શરૂઆત થતા ભારતીય દૂતાવાસ સહિત કુવૈતમાં રહેતા ભારતીયોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ભારતીય દૂતાવાસે એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે કુવૈતના માહિતી મંત્રાલયની પ્રશંસા કરી હતી.



ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને, ભારતીય દૂતાવાસે કહ્યું, કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું છે. ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી દર રવિવારે (૮:૩૦ થી ૯ પીએમ) એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે ભારતીય દૂતાવાસ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરે છે. આ પગલાથી ભારત-કુવૈત સંબંધો વધુ મજબૂત બનશે.

મહત્વનું છે કે કુવૈતમાં લગભગ ૧૦ લાખ ભારતીયો રહે છે. જે દેશનો સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. કુવૈતમાં ભારતીયોને પસંદગીનો સમુદાય માનવામાં આવે છે. ઈજનેરો, ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વૈજ્ઞાનિકો, સોફ્ટવેર નિષ્ણાંતો, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, ટેકનિશિયન અને નર્સો જેવા વ્યાવસાયિકો ઉપરાંત રિટેલર્સ અને બિઝનેસમેન પણ અહીં રહે છે. ભારત લાંબા સમયથી કુવૈતનું વેપારી ભાગીદાર છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોની ૬૦ વર્ષની ઉજવણી કરી હતી. ભારતીય રાજદૂત આદર્શ સ્વૈકા કુવૈતના નાયબ વડાપ્રધાનને ૧૭ એપ્રિલના રોજ મળ્યા હતા. જે દરમિયાન ભારતીય રાજદૂતે કુવૈત દ્વારા શરૂ કરાયેલા પ્રવાસી-મૈત્રીપૂર્ણ પગલાંની પણ પ્રશંસા કરી હતી. કુવૈતમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

# રિતેશ દેશમુખે પત્ની જેનેલિયા અને પુત્રો સાથે રામલલાના દર્શન કર્યા

મુંબઈ,
એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

એક્ટર અને ફિલ્મમેકર રિતેશ દેશમુખે પોતાના ઓફિશ્યલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો છે. ફોટોમાં એક તરફ તે પરિવારની સાથે હાથ જોડીને દર્શન કરી રહ્યા છે તો બીજી બાજુ રામલલાની ઝલક દેખાઈ રહી છે.

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

રિતેશ દેશમુખે ઈન્સ્ટાગ્રામ પર રામમંદિર દર્શનના ફોટોની સાથે એક કેપ્શન પણ શેર કર્યું છે. રિતેશે લખ્યું- મંત્રોથી મોટુ તારૂ નામ- જય શ્રીરામ! રામલલાના દર્શન કરીને બ્લેસ્ડ છે. આ ઉપરાંત તેમના બીજા પણ ઘણા ફોટો વાયરલ થઈ રહ્યા છે.

ફોટોમાં રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખ, રામ મંદિરના પુજારી સાથે મુલાકાત કરતા દેખાઈ રહ્યા છે. પુજારીએ રિતેશ અને જેનેલિયાને ભેટ આપીને તેમનું સ્વાગત કર્યું. પીળા કુર્તામાં રિતેશ અને સફેદ સૂટમાં જેનેલિયાના ફોટો વાયરલ થઈ રહ્યા છે.

# અમ્પાયર સાથે દલીલ વિરાટ કોહલીને પણ ભારે પડી શકે છે : ધોનીને સજા મળી હતી

કોલકતા,
વિરાટ કોહલી ફરી એકવાર ચર્ચામાં છે. રવિવારે ઈડન ગાર્ડન્સમાં અમ્પાયરના નિર્ણયથી કોહલી ઘણો નારાજ દેખાઈ રહ્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાયેલી મેચમાં આ અંગે મેદાનની વચ્ચે ભારે હોબાળો થયો હતો. મામલો એ હદે પહોંચી ગયો કે કોહલીએ પોતાની વિકેટ પર અમ્પાયર સાથે દલીલ કરવાનું શરૂ કરી દીધું. વાસ્તવમાં, કોહલી ત્રીજી ઓવરમાં આઉટ જાહેર થતાં નારાજ હતો. આ પછી તેની અમ્પાયર સાથે દલીલ થઈ હતી. ચાલો જાણીએ કે અમ્પાયર સાથે દલીલ કરવાની શું છે સજા?

એમએસ ધોની જેવા ખેલાડીઓને પણ



અમ્પાયર સાથે દલીલ કરવા બદલ સજા થઈ છે. પાંચ વર્ષ પહેલા રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી મેચમાં નો બોલ આપવામાં આવ્યા બાદ ધોની ગુસ્સે થયો હતો. જોકે, ફ્રેન્ચાઈઝીએ ધોની વતી આ દંડ ભર્યો હતો. આવી જ રીતે ગયા વર્ષે ૧૩ એપ્રિલે સન રાઈઝર્સ હૈદરાબાદના એક ખેલાડીને અમ્પાયરના વિરોધના બોજનો સામનો કરવો પડ્યો હતો. હેનરિક ક્લાસેનને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો.

વાસ્તવમાં, અમ્પાયર સાથે દલીલ કરવી આઈપીએલ આચાર સંહિતા વિરુદ્ધ છે. આ માટે કલમ ૨.૭ હેઠળ ગુનાઓ જાહેર કરવામાં આવ્યા છે.આઈપીએલની આચારસંહિતામાં જાહેર ટીકા અથવા અયોગ્ય ટિપ્પણીઓ માટે સજાની જોગવાઈઓ સામેલ છે. ૧૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઋષભ પંત પણ અમ્પાયર સાથે દલીલ કરતો જોવા મળ્યો હતો. અલ્ટ્રા એજ ટેક્નોલોજીનો ઉપયોગ ન કરવા પર તે ગુસ્સે હતો. જોકે, તે અમ્પાયર પર નિર્ભર કરે છે કે તેઓ કોહલી વિશે ફરિયાદ કરે છે કે નહીં. ૨૨૩ રનનો પીછો કરવા વિરાટ કોહલી આઉટ થયો હતો.

# સલમાન ખાને દુબઈમાં સંજય દત્તના દિકરા સાથે ભારત-પાકિસ્તાનની મેચ જોઇ

દુબઇ,
બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન વિશેની ચર્ચાઓ એવી છે ક્યારેય સમાપ્ત થતી નથી. છેલ્લા કેટલાક દિવસોથી સલમાન ખાન પોતાની સુરક્ષાને લઈને ચર્ચામાં છે. જાનથી મારી નાખવાની ધમકીઓ અને તેના ઘર ગેલેક્સીની બહાર ફાયરિંગની ઘટના પછી, ભાઈજાનની સુરક્ષા હેડલાઈન્સનો ભાગ બની ગઈ છે. એવામાં હવે હાલ દુબઈથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તાજેતરમાં તેઓ એક શોનો ભાગ બનવા માટે દુબઈ ગયા હતા અને તેઓ ભારત અને પાકિસ્તાન કરાટે મેચ જોવા ગયા હતા. આ



દરમિયાન સંજય જય દત્તનો પુત્ર શહરાન પણ સલમાન સાથે જોવા મળ્યો હતો.

જણાવી દઈએ કે શાહરાન સંજય દત્તનો અને તેની ત્રીજી પત્ની માન્યતા દત્તનો પુત્ર છે અને તેની એક બહેન પણ છે. જ્યારે સંજય દત્તને તેની પહેલી પત્ની રિચા શર્માથી એક પુત્રી ત્રિશાલા છે. હાલ સલમાન અને શાહરાનનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

હવે દુબઈથી પરત ફર્યા બાદ મુંબઈ એરપોર્ટ પરથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં સલમાન ખાન સાથે સુરક્ષાકર્મીઓનો કાફલો પણ જોવા મળ્યો હતો. દુબઈમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ આજે સવારે સલમાન ખાન પરત ફર્યા ત્યારે પેપ્સે કેમેરામાં સલમાન ખાનની ઝલક રેકોર્ડ કરી હતી, જેનો વીડિયો હવે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે.

સલમાન ખાનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતા છેલ્લે ફિલ્મ 'ટાઈગર ૩' માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો. 'ટાઈગર ૩' બાદ હવે સલમાન ખાન 'સિકંદર'માં જોવા મળશે. જેની અભિનેતાએ ઈદના અવસર પર ચાહકો માટે જાહેરાત કરી હતી.

# સલાયા અને કોઠા વિસોત્રી ગામે નાટક થકી મતદારોને 'મતદાન જાગૃતિ સંદેશો' પાઠવાયો





દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા. ૦૭ મેના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. દરેક નાગરિક મતદાન કરવા અંગે જાગૃત બને અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૧ - ખંભાળિયા મતદાર વિભાગનાં એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી જી. ટી.પંડ્યાના દિશા-નિર્દેશ હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લોકોને જાગૃત કરવાના હેતુથી સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) કાર્યક્રમ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં ૮૧ – ખંભાળિયા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે. કે. કરમટાના નેતૃત્વ હેઠળ મહત્તમ મતદાન થાય તે માટે વ્યાપક પ્રમાણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે ખંભાળિયા તાલુકાના કોઠા વિસોત્રી તેમજ સલાયા બંદર ખાતે માછીમારો મહત્તમ મતદાન કરે તે માટે શેરી નાટક થકી મતદાર જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં નાટ્ય કલાકારોએ મતદાન જાગૃતિ સંદેશ આપતું પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. ખાસ કરીને મહિલા મતદાતાઓ પરિવાર સાથે મહત્તમ મતદાન કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# કાલાવડની મુક્તાબેન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને સંકલ્પ પત્રોનું વિતરણ





જામનગર : જામનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ લોકો મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાની શ્રી મુક્તાબેન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને સંકલ્પપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પોતાના વાલીઓ પાસે સંકલ્પપત્રો ભરાવી મતદાન અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. ઉપરાંત શાળાના શિક્ષકોએ પણ આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી.

# જામનગરના શુભલક્ષ્મી સેવા મંડળ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ યોજાયો





જામનગર : જામનગરના શુભલક્ષ્મી સેવા મંડળ દ્વારા જામનગરથી માટેલ જતાં પદયાત્રીઓના સંઘ માટે તારીખ ૧૩ થી ૧૫ સુધી વિવિધ સ્થળોએ રાત્રિ રોકાણ, મેડિકલ કેમ્પ તેમજ છાસ, પાણીની બોટલ સહિત વિતરણ કરવાના સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

છેલ્લા ઘણાં વર્ષોથી ચૈત્રી નવરાત્રિ દરમિયાન જામનગરથી માટેલ પદયાત્રીઓના સંઘ રવાના થાય છે. તેમની સેવામાં ૨૩ વર્ષથી શ્રી શુભલક્ષ્મી સેવા મંડળ દ્વારા જુદી-જુદી જગ્યાએ જરૂરી મેડિકલ કેમ્પ તથા નાઈટ હોલ્ટ (આરામ કરવાની સુવિધા) સેવા કેમ્પ રાખવામાં આવે છે. જે અંતર્ગત તારીખ ૧૩ થી ૧૫ દરમ્યાન સોયલ ટોલનાકા, લતિપુર તથા પંચાસિયા ગામ પાસે મેડિકલ કેમ્પ, છાસ, પાણીની બોટલ, ઠંડા રૂમાલ વિતરણ તથા રાત્રી રોકાણ સહિતની સેવા પૂરી પાડવામાં આવી હતી. આ સેવા કેમ્પમાં શુભ લક્ષ્મી ગ્રુપના અશોકભાઈ પરમાર, મનોજભાઈ પરમાર, સુરેશભાઈ સોલંકી, કિશોરભાઈ પરમાર, રમણીકભાઈ બારડ, જીગ્નેશભાઈ ઝાલા, મનિષભાઈ બારડ, હર્ષદભાઈ કંચવા, દિલીપભાઈ કંચવા, કપિલભાઈ ચાવડા, હિતેશભાઈ ચૌહાણ, દિપકભાઈ ચુડાસમા, રાજુભાઈ ભટ્ટી, અશોકભાઈ મકવાણા, ભીખાભાઈ, આનંદ પરમાર, જીતુ ડાડાએ સેવા આપી હતી.

# જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.ના સભ્યો જર્મનીના ઔદ્યોગિક પ્રદર્શનની મુલાકાતે

જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.ના વીસ જેટલા સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ તા. ૨૨ થી ૨૬ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન હેનોવર જર્મનીમાં યોજાઈ રહેલા 'હેનોવર મેસે-૨૦૨૪' ઔદ્યોગિક પ્રદર્શનની મુલાકાત લઈ નવી ટેકનોલોજી વિશે જાણકારી મેળવી તેનો અભ્યાસ કરી શકાય તે માટે રવાના થતા જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.ના પ્રમુખ લાખાભાઈ કેશવાલા, ઉપપ્રમુખ સુરેશભાઈ હિરપરા, ખજાનચી ભાઈલાલભાઈ ગોધાણીએ આ




પ્રવાસનું આયોજન કરનાર તથા તેની સમગ્ર વ્યવસ્થા સંભાળનાર પ્રવાસ લીડર અને એસો.ની એક્સપોર્ટ-ઈમ્પોર્ટ સમિતિના ચેરમેન સંજયભાઈ ડોબરિયા તથા અન્ય સભ્યોને ફૂલહાર પહેરાવી સફળ તથા મંગલમય યાત્રાની શુભેચ્છા પાઠવી વિદાય આપી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વેગવંતુ બનતું મતદાન જાગૃતિ અભિયાન





દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વધુને વધુ મતદારો પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરે તે માટે સ્વીપ ઝુંબેશ અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નવતર પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અન્વયે કલ્યાણપુર તાલુકાના રાવલ, સૂર્યાવદર, ડાંગરવડ તથા ગોરાણા ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત સિગ્નેચર કેમ્પેઈન તથા 'યાદ રાખો તા. ૦૭/૦૫/૨૦૨૪', 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ....' સહિતની વિગતોના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. આમ મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# આંખનો વિના મુલ્યે કેમ્પ

જામનગર : રંગુનવાલા ટ્રસ્ટની એક યાદી જણાવે છે ગુરૂવાર તા.૨૫/૦૪/૨૦૨૪ સવારના ૯ વાગ્યે આંખનો વિના મુલ્યે. કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર - શ્રી રણછોડદાસ બાપુ આશ્રમ- રાજકોટ તથા જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી - જામનગરના સહયોગથી રંગુનવાલા હોસ્પીટલમાં યોજવામાં આવેલ છે આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને શ્રી રણછોડદસ આશ્રમ હોસ્પિટલ- રાજકોટ બસમા લઈ જવામાં આવશે. ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેંકો પધ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મુકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામુલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે કેમ્પમા આવનાર દરેક વ્યકિતએ મોઢા પર માસ્ક પહેરીને આવવાનુ. મોતિયાના દર્દીઓએ પોતાના આધાર કાર્ડ ની ઝેરોક્ષ તથા મોબાઈલ નંબર સાથે લાવવા ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવા નમ્ર વિનંતિ.

ઓપરેશન બાદ રંગુનવાલા હોસ્પીટલમાં દર સોમવાર, બુધવાર, શુક્રવાર બપોરે ૪ થી ૫ ની વચ્ચે આંખના ઓપરેશન કરાવનાર દરેક દર્દીએ બતાવવા આવવનુ રહશે અને નંબર કઢાવવા માટે દરરોજ સાંજે ૫ થી ૭ ની વચ્ચે આવવાનુ રહેશે.

# જામજોધપુરમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાર જાગૃતિ અંતર્ગત રેલીનું આયોજન કરાયુ





જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૨-જામનગર લોકસભા મતવિસ્તારમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી.કે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લાનાં મતદારો મતદાનની નૈતિક ફરજ અચૂક નિભાવી મહત્તમ મતદાન કરે તે માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ત્યારે જામજોધપુરની સર્વોદય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી અમૃતબેન વાલજીભાઈ દામજીભાઈ સવજાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત મતદાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના દરેક મતદારો લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને અને પરિવાર સાથે અવશ્ય મતદાન કરી અન્ય લોકોને પણ મતદાન માટે પ્રેરિત કરવા વિદ્યાર્થીઓએ અનુરોધ કર્યો હતો. આ રેલીમાં મતદાર જાગૃતિ અંગેના બેનરો તથા પોસ્ટરો લગાવી મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

# જામનગરના આસામીને ચેક પરતના કેસમાં એક વર્ષની કેદની સજા

જામનગર :, જામનગર ચેક પરત ફરવાના કેસમા આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડનો હુકમ કર્યો છે.

જામનગરના ખોડિયાર કોલોનીમાં રહેતા સિદ્ધરાજસિંહ દેવીસંગ જાડેજા પાસેથી પવનચક્કી પાસે રહેતા અશોક શંકરભાઈ કનખરાએ રૂ.૪ ૦૦,૦૦૦ હાથઉછીના લીધા હતા અને સમજૂતી કરાર લખી આપ્યો હતો. ત્યારપછી પૈસાની પરત ચૂકવણી માટે રૂ.૩,૦૦,૦૦૦ નો ચેક આપ્યો હતો. બાકીના પછીથી આપી દેવા અશોક કનખરાએ જણાવ્યું હતું તેનો ચેક બેંકમાં રજૂ કરાતા અપૂરતા નાણા ભંડોળના કારણે પરત ફર્યો હતો. આ પછી સિદ્ધરાજસિંહે અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી અશોક શંકરભાઈ કનખરાને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. ફરિયાદીના વકીલ સુરેશ પરમાર, અનિલ પરમાર, પરેશ નકુમ રોકાયા હતા.

# જામનગરમાં વર્લ્ડ હેરિટેજ દિવસ નિમિત્તે તળાવ પરિસરમાં ચિત્ર પ્રદર્શન






જામનગરમાં તા.૧૮મીએ વિશ્વ ધરોહર દિવસ (વર્લ્ડ હેરિટેજ દિવસ નિમિત્તે પુરાતત્વિય સંગ્રહાલય દ્વારા રાહેરના કલાકારોએ દોરેલા નગરની ઐતિહાસિક ઈમારતોના ૪૦ ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેને કલાપ્રેમી લોકોએ નિહાળ્યું હતું. આજે રણમલ તળાવ પરિસરમાં વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે લાખોટા મહેલના પુરાતત્વિય મ્યુઝિયમના પ્રવેશ દ્વાર પરની કાચની આર્ટ ગેલેરીમાં મ્યુઝિયમ ક્યુરેટર ડો. ધીરજ ચૌધરી અને નગરના અનુભુતિ ગ્રુપના ૨૦ કલાકારો દ્વારા સવારે ૧૧ થી રાત્રે ૮ વાગ્યા સુધી ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદઘાટન અને દીપ પ્રાગટ્ય નિવૃત્ત ચિત્ર શિક્ષક જગદીશભાઈ જોષીના હસ્તે કરાવવામાં આવ્યું હતું. ઉંમર વર્ષ ૧૭ થી ૭ના કલાકારોએ વોટર કલર, એક્રેલિક કલર, ઓઈલ પેઈન્ટ અને પેન્સિલ વડે દોરેલા શહેરના લાખોટા મહેલ, સોલેરિયમ, ભુજીયા કોઠા, ધનવંતરી મંદિર, એકદંડીયો મહેલ સહિતની ઐતિહાસિક ઈમારતોના ૨૦ ચિત્રો આ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા.

# જામનગરના આસામીને ચેક પરતના કેસમાં એક વર્ષની કેદની સજા

જામનગર : જામનગરના એક એડવોકેટને પોતાની ફી માટે અસીલ પાસેથી ચેક મળ્યો હતો. તે ચેક પરત ફર્યાની કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપીને ચાર મહિનાની કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

જામનગરમાં વકીલાતની પ્રેક્ટિસ કરતા અમિત પરમાર વકીલ દરજ્જે જયેશ ઉર્ફે જયલો પ્રવીણભાઈ તન્નાના ફોજદારી કેસ લડતા હતા. તેમાંથી મોટાભાગના કેસ અમિત પરમારે પૂર્ણ કરાવ્યા હતા તેઓને ફી પેટે આપવાની થતી રકમ અંગે જયેશ તન્નાએ ચેક આપ્યો હતો. તે ચેક અપૂરતા નાણા ભંડોળના કારણે બેંકમાંથી પરત ફર્યો હતો. જેથી વકીલ અમિત પરમારે કોર્ટમાં કેસ કર્યો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી જયેશ પ્રવીણભાઈ તન્નાને તક્સીરવાન ઠરાવી ચાર મહિનાની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. ફરિયાદી અમિત પરમાર તરફથી વકીલ ચંદ્રેશ મોતા, ભરતસિંહ જાડેજા, મૈત્રી ભુત, રોકાયા હતા.


## અવસાન નોંધ

**જામનગર :** ચંદ્રકાંત બુધ્ધદેવ કટારીયા (ઉ.વ.૬૩)નું તા. ૨૨-૪-૨૦૨૪ ને રવિવારના અવસાન થયેલ છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૨૩-૪-૨૦૨૪ને મંગળવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સિંધી ભાનુશાળી મહાજન સરોવર ટ્રસ્ટની વાડી, ૫૯, દિગ્વીજય પ્લોટ, નાનો ટાંકો, જામનગર ખાતે રાખેલ છે. ૯૮૨૫૨ ૧૦૪૫૫ / ૮૩૨૦૯ ૩૮૩૮૩

# તાજમહેલ અંગે સુપ્રીમ કોર્ટે સરકાર પાસે માગ્યો જવાબ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ પાસેથી તાજમહેલ અને તેની આસપાસના સંરક્ષણ માટે તૈયાર કરવામાં આવેલા વિઝન ડોક્યુમેન્ટ અને પ્લાન પર જવાબ માંગ્યો હતો. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેંચે ઉત્તર પ્રદેશ સરકારને વિઝન ડોક્યુમેન્ટ રેકોર્ડ પર લાવવાનો નિર્દેશ આપ્યો હતો. જે રાજ્ય સરકારની સાથે સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર દ્વારા તૈયાર કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટની બેંચ તાજમહેલને બચાવવા અને તાજ ટ્રેપેઝિયમ ઝોનની સુરક્ષા માટે વિઝન ડોક્યુમેન્ટના અમલની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તે 'આશ્ચર્યજનક' છે કે ૨૬ જુલાઈ, ૨૦૧૮ ના રોજ, તેણે નોંધ્યું હતું કે યોજના તૈયાર કરવામાં આવી હતી. પરંતુ આ એએસઆઈની સલાહ લીધા વિના કરવામાં આવ્યું હતું, જે તાજમહેલની જાળવણી માટે જવાબદાર છે. બેન્ચે કહ્યું કે, 'અમે વિઝન ડોક્યુમેન્ટ પર એએસઆઈની પ્રતિક્રિયા જાણવા માંગીએ છીએ.' બેન્ચે આ કેસની આગામી સુનાવણી ૧૧ જુલાઈ નક્કી કરી છે. મુઘલ સમ્રાટ શાહજહાં દ્વારા ૧૬૩૧માં તેની પત્ની મુમતાઝ મહેલની યાદમાં બનાવવામાં આવેલા સ્મારકને સુરક્ષિત કરવા માટે સુપ્રીમ કોર્ટ આ વિસ્તારમાં વિકાસ પર નજર રાખી રહી છે. આ મકબરો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે આગ્રાને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવાની માગણી કરતી અન્ય અરજી પર સુનાવણી કરતી વખતે કેન્દ્ર સરકારને છ સપ્તાહમાં તેનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.



તાજમહેલ પાસે યમુના નદીની સફાઈ માટેની અરજી પર સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે, નદીના પટમાંથી કાંપ, કચરો અને કાદવ સાફ કરવાના સૂચન પર કોઈ વિવાદ થવો જોઈએ નહીં.સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે, 'જો અત્યાર સુધી કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી, તો તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે' અને એ પણ કહ્યું કે જો જરૂર પડે તો કેન્દ્ર કોઈ નિષ્ણાત એજન્સીની મદદ લઈ શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, યમુના નદીના પટમાંથી કાંપ, કચરો અને કાદવ દૂર કરવું એ સતત પ્રક્રિયા હોવી જોઈએ અને અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં અંગે કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને આગ્રા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા એફિડેવિટ દાખલ કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ મુદ્દે કેન્દ્ર, યુપી અને એડીએ દ્વારા ૧૧ જુલાઈ સુધીમાં એફિડેવિટ દાખલ કરવી જોઈએ.

# ચીનમાં ભારે વરસાદ અને પૂરની ચેતવણી

## ૧૦૦,૦૦૦થી વધુ લોકોને સલામત સ્થળે મોકલવામાં આવ્યા

ગુઆંગડોંગ,

દક્ષિણ ચીનમાં ભારે વરસાદ અને પૂરના કારણે ૧૦૦,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સરકારે મંગળવારે અસરગ્રસ્ત વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. તાજેતરના દિવસોમાં, ગુઆંગડોંગમાં મૂશળધાર વરસાદ થયો છે, જેના કારણે નદીઓ વહેતી થઈ છે અને ગંભીર પૂરની સંભાવના વધી ગઈ છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે મંગળવારે, શેનઝેનનું મેગાસિટી ''ભારેથી અતિ ભારે વરસાદ'' દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં હતું અને પૂરનું જોખમ ''ખૂબ ઊંચું'' હતું. બાદમાં, વાવાઝોડું નબળું પડતાં, ચેતવણી ઓછી કરવામાં આવી હતી, પરંતુ લોકોને આપત્તિ સામે સતર્ક રહેવા વિનંતી કરવામાં આવી હતી. માહિતી અનુશાર બેઈ નદીની ઉપનદીથી ઘેરાયેલા કિંગયુઆનમાંથી ૪૫,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. અઠવાડિયાના અંતમાં ભારે વરસાદ શરૂ થયો ત્યારથી ગુઆંગડોંગમાં ૧૧૦,૦૦૦ રહેવાસીઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.



# પ્રજ્ઞા ઠાકુર ફરી વિવાદોમાં : સ્મશાન ભૂમિ પર કબજો કરવાનો પ્રયાસ કરવાનો આરોપ

ભોપાલ,

ભોપાલના સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર ફરી એક નવા વિવાદમાં ફસાયેલી જોવા મળી રહી છે. આ વખતે તેના પર સ્મશાનભૂમિ પર ગેરકાયદે કબજો કરવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. આ આખો મામલો ભોપાલની નવી જેલ પાસે આવેલા નેવરી ગામનો છે. જ્યાં પ્રજ્ઞા સિંહ ઠાકુર (ભોપાલ સાંસદ) એ ગામના સ્મશાન પાસે આશ્રમ બનાવવા માટે જમીન ખરીદી છે. ગ્રામજનોનો આરોપ છે કે પ્રજ્ઞા સિંહ ઠાકુરે તેમની હાજરીમાં સ્મશાનભૂમિની સીમા જેસીબી વડે તોડી નાખી હતી.

હોબાળો થતાં જેસીબી ચાલક મશીન મુકીને ભાગી ગયો હતો.



આ દરમિયાન ગ્રામજનોએ પ્રજ્ઞા ઠાકુર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રજ્ઞા ઠાકુરે સોશિયલ મીડિયા પર પોતાના પર લાગેલા આરોપો પર પ્રતિક્રિયા આપી હતી. અને આ માટે તેણે જમીન માફિયાઓને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે કહ્યું કે જમીન માફિયાઓએ સરકારી જમીન પર અતિક્રમણ કર્યું છે.

# મતદારોને યુપીઆઈ દ્વારા પૈસા મળશે તો પણ આરબીઆઈને થઇ જશે જાણ

મુંબઈ,

દેશની સેન્ટ્રલ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ અથવા ઓનલાઈન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી સોંપી છે. રિઝર્વ બેન્કે આ ઓનલાઈન કંપનીઓને ચાલી રહેલી સામાન્ય ચૂંટણી દરમિયાન ઉચ્ચ મૂલ્યના વેપારી ચૂકવણીઓ પર નજર રાખવા અને તેની જાણ કરવા જણાવ્યું છે. આ એટલા માટે છે કે પૈસાથી વોટ ખરીદવાના કોઈપણ પ્રયાસને રોકી શકાય.





૧૫ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ લખેલા પત્રમાં, રિઝર્વ બેંકે પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સ (પીએસઓ) ને મતદારોને પ્રભાવિત કરવા અથવા ચૂંટણી ઉમેદવારોને આડકતરી રીતે નાણાં આપવા માટે ઈ-ફંડ ટ્રાન્સફર સિસ્ટમનો સંભવિત દુરૂપયોગ અટકાવવા જણાવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે મતદારોને પ્રભાવિત કરવા માટે ચૂકવણીની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે. શક્ય છે કે કોઈ ઉમેદવાર અથવા રાજકીય પક્ષ મતદારોને ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરી શકે જેથી મતદાર ચોક્કસ ઉમેદવારની તરફેણમાં મત આપે. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે પેમેન્ટ કંપનીઓએ ખાસ કરીને ઉચ્ચ મૂલ્યની ચૂકવણીઓ અથવા શંકાસ્પદ ચૂકવણીઓ પર નજર રાખવી જોઈએ. આ ઉપરાંત, રિકરિંગ પર્સન ટુ પર્સન પેમેન્ટ્સને પણ તપાસના દાયરામાં લાવી શકાય છે. નોંધનીય છે કે પીએસઓમાં વીઝા,માસ્ટર કાર્ડ અને રૂપે જેવા નેટવર્કનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ બેંકે તેના નિર્દેશમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને ટાંકી છે. તેણે પેમેન્ટ કંપનીઓને શંકાસ્પદ વ્યવહારોને ટ્રેક કરવા અને સંબંધિત અધિકારીઓને તેની જાણ કરવા પણ કહ્યું છે.

# રાજસ્થાનમાં પોલીસની ગાડી ટ્રક નીચે ચગદાઈ જતા ત્રણ જવાનોના મોત

જયપુર, હતી.

રાજસ્થાનના સીકર જિલ્લામાંથી એક મોટા માર્ગ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. મંગળવારે, સીકરના નીમકથાના પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, બાલાસ્ટથી ભરેલી ઓવરલોડ ટ્રક પોલીસ વાહન પર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ પોલીસકર્મીઓના મોત થયા હતા. દુર્ઘટના સંબંધિત જે તસવીરો અને વીડિયો સામે આવ્યા છે તે જોઈને અકસ્માતની ભીષણતા સ્પષ્ટપણે સમજી શકાય છે. આ અકસ્માતમાં પોલીસની ગાડી પાપડની જેમ રોડ પર ફસાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના મંગળવારે બપોરે નીમકાઠાના પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામપુરાની ખીણમાં બની હતી. જ્યાં કોક્રીટ ભરેલું ઓવરલોડ ટ્રેલર પોલીસના વાહન પર પલટી ગયું હતું. આ અકસ્માતમાં પોલીસ વાહનના ડ્રાઈવર અને એક કોન્સ્ટેબલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે હેડ કોન્સ્ટેબલની હાલત નાજુક બનતા તેને કોટપુતલી સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

# સીએએના પ્રવધાનોથી ભારતીય સંવિધાનના કેટલાક અનુચ્છેદોનું ઉલ્લંઘન થશે : અમેરિકા

વોશિંગ્ટન,

અમેરિકા ,સસંદની એક સ્વતંત્ર તપાસ એજન્સી દ્વારા બહાર પડાયેલા રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે ભારતમાં આ વર્ષે લાગુ કરાયેલા નાગરિકતા સંશાધન અધિનિયમ (સીએએ)ના પ્રવધાનોથી ભારતીય સંવિધાનના કેટલાક અનુચ્છેદોનું ઉલ્લંઘન થઈ શકે છે. ભારતના ૧૯૫૫ ના નાગરિકતા અધિનિયમમાં સંશોધન કરીને આ વર્ષે માર્ચ મહિનામાં સીએએ લાગુ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ (સીઆરએસ)ના ઈન ફોકસ રિપોર્ટમાં દાવો કરાયો છે કે સીએએના પ્રમુખ પ્રાવધાનોથી ભારતીય સંવિધાનના કેટલાક અનુચ્છેડનું ઉલ્લંઘન થઈ શકે છે. સીએએ અંતર્ગત ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ થી પહેલા ભારત આવેલા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના ગેર મુસ્લિમ પ્રવાસીઓને નાગરિકતા મળશે. ભારત સરકાર અને અન્ય સમર્થકોએ દાવો કર્યો છે કે તેનો ઉદ્દેશ પૂરી રીતે માનવીય છે.

ભારત સરકારે સીએએ વિરૂદ્ધ કરેલી આલોચનાને રદ્દ કરતા કહ્યું કે તેને વોટ-બેંકની રાજનીતિનું નામ ન આપવું જોઈએ, જ્યારે તે સંકટમાં ફસાયેલા લોકોની મદદ માટે એક પ્રશંસનીય પગલું છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ કાનૂનના વિરોધીઓએ ચેતવણી આપી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની હિન્દુ રાષ્ટ્રવાદી ભારતીય જનતા પાર્ટી એક હિન્દુ બહુસંખ્યક, મુસ્લિમ વિરોધી એજન્ડાને આગળ વધારી રહી છે. જેનાથી ભારતને આધિકારિક રીતે ધર્મનિરપેક્ષ ગણરાજ્યનો દરજ્જો આપનારી છબી ખરડાય છે. સાથે જ તેનાથી આંતરરાષ્ટ્રીય માનવ અધિકારમાનદંડો અને દાયિત્વોનું પણ ઉલ્લંઘન થાય છે.

# હેમંત સોરેનની જામીન અરજી પર સુનાવણીની તારીખ ફરી લંબાવી

નવીદિલ્હી,

જમીન કૌભાંડમાં જેલમાં બંધ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની જામીન અરજી પર મંગળવારે ઈડી કોર્ટમાં સુનાવણી થઈ. સુનાવણી દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડીએ ફરી એકવાર કોર્ટ પાસે પોતાનો સ્ટેન્ડ રજૂ કરવા અને જામીન અરજી પર જવાબ આપવા માટે સમય માંગ્યો છે. પીએમએલએ સ્પેશિયલ કોર્ટમાં સોરેનની અરજી પર સુનાવણી શરૂ થતાં જ ઈડીએ જવાબ આપવા માટે બે અઠવાડિયાનો સમય માંગ્યો હતો.

હેમંત સોરેન વતી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે તેનો વિરોધ કર્યો હતો. કોર્ટે ઈડીને એક સપ્તાહનો સમય આપ્યો છે અને ૩૦ એપ્રિલ સુધીમાં જવાબ દાખલ કરવા કહ્યું છે. કેસની આગામી સુનાવણી ૧ મેના રોજ થશે. ૩૧ જાન્યુઆરીએ, ઈડીએ હેમંત સોરેનની ધરપકડ કરી હતી અને રાંચીના બડાગાઈ વિસ્તારમાં ૮.૬૬ એકર જમીન પર ગેરકાયદે કબજો અને મની લોન્ડરિંગ સંબંધિત કેસમાં તેને જેલમાં મોકલી આપ્યો હતો.

# માલદીવ ઉજ્જવળ ભવિષ્ય માટે ઈસ્લામ અને તેના સિદ્ધાંતોમાં વિશ્વાસ જાળવી રાખવા માંગે છે-મુઈઝુ

માલે,

સત્તાધારી પીપલ્સ નેશનલ કોંગ્રેસને સંસદીય ચૂંટણીમાં જંગી બહુમતી મળ્યાના એક દિવસ બાદ ચીન સમર્થિત મુઈઝુએ આ નિવેદન આપ્યું છે. ચૂંટણીમાં, મુઈઝુની પીએનસી પાર્ટીએ ૯૩માંથી ૬૮ બેઠકો જીતી હતી, જ્યારે તેના સહયોગી ભાગીદારો માલદીવ્સ નેશનલ પાર્ટીએ એક બેઠક અને માલદીવ્સ ડેવલપમેન્ટ એલાયન્સે બે બેઠકો જીતી હતી.

મુઈઝુની શાસક પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાર્ટી, જેને ચીનનું સમર્થન છે, તેણે ૯૩માંથી ૬૮ બેઠકો જીતી છે જ્યારે તેના સહયોગી માલદીવ્સ નેશનલ પાર્ટીએ એક અને માલદીવ્સ ડેવલપમેન્ટ એલાયન્સને બે બેઠકો જીતી છે. મુઈઝુનું આ નિવેદન સંસદીય ચૂંટણીના પરિણામોના એક દિવસ બાદ આવ્યું છે.

મુઈઝુએ કહ્યું કે અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને કહ્યું છે કે અમે એક ગૌરવપૂર્ણ દેશ છીએ, જે સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાને ચાહે છે. તેમણે કહ્યું કે સંસદીય ચૂંટણીના પરિણામો એ વાતનો પુરાવો છે કે માલદીવના લોકો દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે ઈસ્લામ અને તેના સિદ્ધાંતોમાં વિશ્વાસ જાળવી રાખવા માંગે છે. આ પરિણામો માલદીવના લોકોની દ્રષ્ટિ અને ઉદ્દેશ્યો વિશે વિશ્વને આપેલો સંદેશ છે.

તેમણે કહ્યું કે સંસદીય ચૂંટણીના પરિણામો એ વાતનો પણ પુરાવો છે કે માલદીવના લોકો વિદેશી દબાણને નકારીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે સ્વાયત્તતા પસંદ કરવા માંગે છે. વાસ્તવમાં, તેમણે ઘણી વખત ભારત પર માલદીવના આંતરિક મામલામાં દખલ કરવાનો આરોપ લગાવ્યો છે.

# અખિલેશે ભત્રીજા તેજ પ્રતાપ યાદવને કન્નૌજ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા

સમાજવાદી પાર્ટીએ કન્નૌજ અને બલિયા બેઠકો પરથી ઉમેદવારોની જાહેરાત કરી હતી. અખિલેશ યાદવે કન્નૌજથી તેમના પરિવારના સભ્ય અને લાલુ પ્રસાદ યાદવના જમાઈ તેજ પ્રતાપ યાદવને ટિકિટ આપી છે, જ્યારે તેમણે બલિયાથી સનાતન પાંડેને ટિકિટ આપી છે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ કન્નૌજ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી શકે છે અને તેજપ્રતાપ યાદવની ટિકિટ કપાઈ શકે છે આવી શક્યતા એટલા માટે વ્યક્ત કરવામાં આવી રહી છે કારણ કે પાર્ટીના સ્થાનિક એકમે તેમને તેમના ભત્રીજા તેજ પ્રતાપ યાદવને આ બેઠક પરથી ઉતારવાનો નિર્ણય બદલવાનો અનુરોધ કર્યો છે. કન્નૌજ સીટને લઈને સમાજવાદી પાર્ટીમાં ઘણા સમયથી અસમંજસ ચાલી રહી હતી અને એવું કહેવામાં આવી રહ્યું હતું કે સપા પ્રમુખ અખિલેશ યાદવ પોતે આ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. જોકે, આ વાત ત્યારે સ્પષ્ટ થઈ જયારે અખિલેશે તેમના ભત્રીજાને તેમની જૂની બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા.

# ચૈત્ર પૂર્ણિમાએ રામનગરીમાં સરયુ સ્નાન કરવા માટે ભક્તો એકઠા થયા, હનુમાન ગઢીમાં લાંબી કતારો

અયોધ્યા,

ચૈત્ર પૂર્ણિમાના અવસર પર આજે મંગળવારે રામનગરી અયોધ્યામાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ પવિત્ર સલીલા સરયુમાં સ્નાન કરી પ્રાર્થના કરી હતી. રામલલા, કનક ભવન સહિત હનુમાનગઢીમાં દર્શન માટે ભક્તોની કતાર જોવા મળી હતી. વહીવટીતંત્ર દ્વારા સરયુ કિનારેથી લઈને મઠો અને મંદિરો સુધી ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તોએ પહેલા પવિત્ર સલીલા સરયૂમાં ડૂબકી લગાવી હતી, ત્યારબાદ તેઓ સરયૂ જળ સાથે નાગેશ્વરનાથ મંદિર તરફ પ્રયાણ કર્યું હતું. નાગેશ્વરનાથ મંદિરમાં અભિષેક અને પૂજા માટે ભક્તોની લાંબી લાઈન લાગી હતી. અહીંથી ભક્તોની શોભાયાત્રા હનુમાનગઢી પહોંચી હતી.



હનુમાન જયંતિ હોવાથી ભક્તોમાં હનુમાનજીને વંદન કરવાની સ્પર્ધા હતી. હનુમંત લાલાના દરબારમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી પ્રાર્થના કરી હતી. આવું જ દ્રશ્ય રામલલાના દરબારમાં પણ જોવા મળ્યું હતું મોટી સંખ્યામાં ભક્તોએ રામલલાનું પૂજન કર્યું હતું. પૂર્ણિમા પર્વ નિમિત્તે સરયુ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું બીજીબાજુ બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાની પત્ની મલ્લિકા નડ્ડાએ મંગળવારે હનુમાન જયંતિના અવસર પર શિમલાના જાખુમાં પ્રસિદ્ધ હનુમાન મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી.

# તિરુપતિ મંદિર ટ્રસ્ટે એક વર્ષમાં ૧૧૬૧ કરોડની એફડી જમા કરાવી

તિરૂપતિ,

તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ ટ્રસ્ટે ૨૦૨૪ના વર્ષમાં ૧૧૬૧ કરોડ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ (એફડી) જમા કરાવી છે, જે ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી એક વર્ષમાં કરવામાં આવેલી સૌથી વધુ FD છે. તિરુમલા મંદિર ટ્રસ્ટ દેશનું એકમાત્ર મંદિર ટ્રસ્ટ છે જેણે છેલ્લાં ૧૨ વર્ષમાંથી ૯ વર્ષમાં વાર્ષિક ૫૦૦ કરોડથી વધુ FD જમા કરી છે. ૨૦૧૨માં મંદિરની કુલ એફડી ૪૮૨૦ કરોડ હતી જે ૨૦૨૪માં વધીને ૮૪૬૭ કરોડ રૂપિયા થઈ છે. મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે FD સહિતની કુલ જમા રકમ ૧૩,૨૮૭ કરોડ રૂપિયા છે. માત્ર એફડી પરના વ્યાજમાંથી જ મંદિર દર વર્ષે ૧૬૦૦ કરોડ રૂપિયા કમાય છે. સાથે જ બેંકમાં ટ્રસ્ટનું ૧૧,૩૨૯ કિલો સોનું પણ જમા છે.



# મુંબઈ એરપોર્ટ પરથી ઝડપાયુ ૪.૪ કરોડનું સોનું નૂડલ્સના પેકેટમાંથી ૨.૨ કરોડના હીરા મળ્યા

મુંબઈ,

દાણચોરીની ઘટનાઓ અવારનવાર સામે આવી રહી છે. વિદેશમાંથી મળતુ સોનુ ઈન્ડિયામાં લાવવા લોકો નિતનવા પેંતરા કરતા ખચકાતા નથી. ત્યારે વધુ એકવાર દાણચોરીની અનોખી તરકીબ સામે આવી છે. મહારાષ્ટ્રના કસ્ટમ વિભાગને મોટી સફળતા મળી છે.

મહારાષ્ટ્રમાં કસ્ટમ્સ વિભાગને મોટી સફળતા મળી છે. મુંબઈ કસ્ટમ્સની ટીમે મુંબઈ એરપોર્ટ પર ૪.૪૪ કરોડ રૂપિયાનું સોનું અને ૨.૨ કરોડ રૂપિયાના હીરા જપ્ત કર્યા છે. કસ્ટમ્સે ૧૩ અલગ-અલગ કેસમાં કુલ રૂ. ૬.૪૬ કરોડનો દાણચોરીનો માલ જપ્ત કર્યો છે. આ કેસમાં તસ્કરોએ હીરાને નૂડલ્સના પેકેટમાં છુપાવી દીધા હતા, જ્યારે પેસેન્જરના શરીર પરથી પણ સોનું મળી આવ્યું હતું. આ ઉપરાંત તેના સાથીની બેગમાં તથા તેણે પહેરેલા અન્ડરગાર્મેન્ટ્સમાંથી સોનું ઝડપી પાડવામાં આવ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર દાણચોરોએ હીરાને નૂડલ્સના પેકેટમાં છુપાવી દીધા હતા, જેથી કોઈને તેના પર શંકા ન થાય, પરંતુ કસ્ટમ્સ તપાસ દરમિયાન તે ઝડપાઈ ગયો. કસ્ટમ્સે કુલ ૪ લોકોની ધરપકડ કરી છે. કસ્ટમ્સે કોલંબોથી મુંબઈ જતી વિદેશી નાગરિકને રોકી હતી અને તેની તલાશી લેતા તેના આંતરવસ્ત્રોમાં છુપાયેલ ૨૪ક્ષ્ સોનાની ઈંટો અને એક કટનો ટુકડો મળી આવ્યો હતો, જેનું કુલ વજન ૩૨૧ ગ્રામ છે. મળતી માહિતી મુજબ દુબઈ (૦૨), અબુ ધાબી (૦૨), બહેરીન (૦૧), દોહા (૦૧), રિયાધ (૦૧), મસ્કત (૦૧), બેંગકોક (૦૧) અને સિંગાપોર (૦૧)થી ૧૦ લોકો આવી રહ્યા છે. સ્ટોપ એન્ડ સર્ચ દરમિયાન તેઓના શરીર અને બેગની અંદર છુપાવેલું ૬.૧૯૯ કિલો સોનું મળી આવ્યું હતું.

# દુષ્કાળ રાહતની રકમને લઈને કેન્દ્ર વિરુદ્ધ મુખ્યમંત્રી સિધ્ધારમૈયા હડતાળ પર બેઠા

બેંગ્લોર,

બેંગ્લોરમાં કોંગ્રેસના નેતાઓએ કેન્દ્ર સરકાર સામે મોરચો ખોલ્યો છે. મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડીકે શિવકુમાર સહિત ઘણા નેતાઓએ કેન્દ્ર દ્વારા અપાયેલા દુષ્કાળ રાહત ભંડોળનો વિરોધ કર્યો હતો. રાજ્ય સરકારનો આરોપ છે કે કેન્દ્ર સરકાર સાવકી માનું વર્તન કરી રહી છે.

કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું, 'કોંગ્રેસ પાર્ટી વતી અમે કેન્દ્ર સરકારનો વિરોધ કર્યો હતો. નરેન્દ્ર મોદી અને અમિત શાહ કર્ણાટકના ખેડૂતોને નફરત કરે છે. ૨૨ સપ્ટેમ્બરે અમે કેન્દ્ર સરકારને એક મેમોરેન્ડમ આપ્યું હતું. જે બાદ કેન્દ્રની ટીમે આવીને રાજ્યનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યના ૨૨૩ તાલુકા સૂકા પડ્યા છે. અમિત શાહ ચેન્નાપટ્ટનમ આવ્યા અને કહ્યું કે રાજ્ય સરકારે મેમોરેન્ડમ મોડું જારી કર્યું. દુષ્કાળથી ખેડૂતો પરેશાન છે. અત્યાર સુધી અમે ખેડૂતોને ૬૫૦ કરોડ રૂપિયાનું વિતરણ કર્યું છે. નિર્મલા સીતારમણ અને નરેન્દ્ર મોદીના કારણે કર્ણાટકને રાહત મળી નથી. કોંગ્રેસના સાંસદ અને મહાસચિવ રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું, 'કર્ણાટક સાથે મોટો અન્યાય થઈ રહ્યો છે.

# પુત્રના લગ્ન પહેલા નીતા અંબાણી શિરડી 'સાંઈ દરબાર' પહોંચ્યા

મુંબઈ,

દેશના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પત્ની અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી શિરડી સાંઈના દરબારમાં પહોંચ્યા હતા. નીતા અંબાણીએ રાધિકા મર્ચન્ટ સાથે તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન પહેલા સાંઈ દરબારમાં પૂજા અર્ચના કરી હતી. જ્યારે આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે પ્રાર્થના પણ કરી હતી.

નીતા અંબાણીએ શિરડી સાંઈની મુલાકાત લીધી તેના થોડાં દિવસો પહેલા અનંત અંબાણીએ મધ્યપ્રદેશના દતિયા સ્થિત પિતાંબરા મા પીઠની પણ મુલાકાત લીધી હતી. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન આ વર્ષે જુલાઈમાં થવાના છે. નીતા અંબાણીએ શિરડી સાંઈ મંદિરમાં ૨૧ દીવા પ્રગટાવીને પ્રાર્થના કરી હતી. રાત્રે દર્શન કર્યા બાદ તે આવતીકાલે સવારે ફરી મંદિરે જશે.



કહેવામાં આવી રહ્યું છે કે નીતા અંબાણીએ પોતાની આઈપીએલ ટીમ મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે મંદિરમાં પ્રાર્થના પણ કરી છે. વર્તમાન આઈપીએલ ટૂર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન જરા પણ સારું રહ્યું નથી. તે ટીમ ટેલીમાં ૮મા નંબર પર છે. મુંબઈ ઈન્ડિયન્સને હાલમાં ૮માંથી ૫ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# ૭૮-જામનગર વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા બેઠકના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન

## મેયર, ધારાસભ્યો, શહેર અધ્યક્ષ, મહામંત્રીઓ તેમજ આગેવાનો-કાર્યકરો અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી પડી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : આગામી લોકસભા ચૂંટણી સંદર્ભમાં ૧૨–જામનગર લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પૂનમબેન માડમના પ્રચાર, સંકલન માટે ૭૮–ઉત્તર વિધાનસભા મત વિસ્તારના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દઘાટન વૈદિક મંત્રોચ્ચાર સાથે ભાજપના સ્થાનિક આગેવાનો, હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૭૮–વિધાનસભાના ધારાસભ્ય રીવાબા જાડેજા તેમજ ૭૯–વિધાનસભાના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તેમજ શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરાએ જામનગર લોકસભાના ઉમેદવાર પૂનમબેન માડમને જંગી લીડથી જિતાડવા લોકોને આહ્વાન કર્યું હતું.

ભારતના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે સપનું સેવ્યું છે, તેને સાકાર કરવા સમગ્ર હાલાર સહિતના જામનગરના મતદાતાઓએ ભારે સંખ્યામાં મતદાન કરીને વડાપ્રધાનના હાથ મજબૂત કરવા જોઈએ. ૧૨ લોકસભાના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ હસ્તે ૭૮ વિધાનસભા મધ્યસ્થ કાર્યક્રયનું ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ, એ પ્રસંગે પૂનમબેન માડમે સૌને આવકારેલ તથા ઉદબોધન કરતા જાણવેલ કે, વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે સપનું સેવ્યું છે, તેને સાર્થક કરવા માટે લોકશાહીના મહાપર્વ એવા ૭મી મેના રોજ સમગ્ર હાલારવાસીઓએ બહોળી સંખ્યામાં મતદાન કરીને લોકશાહીનો મહાપર્વની ઉજવણી કરવી જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષના શાસનકાળ દરમિયાન હાલાર સહિતના અનેક વિકાસના કામો થયા છે, અને સર્વે યોજનાઓને જનજન સુધી પહોંચાડવામાં પણ જબરી સફળતા મળી છે. ઉપરાંત અનેક માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, જેથી સમગ્ર હાલાર સહિતના જામનગર પંથકને પણ અનેક માળખાકીય યોજનાઓથી જોડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી થનગની રહ્યા છે, ત્યારે વડાપ્રધાનના હાથ મજબૂત કરવા અને શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવાના ભાગરૂપે અવશ્ય મતદાન કરવા અનુરોધ કરેલ. આ ચૂંટણી ભારત દેશને ૨૦૪૭ માં વિશ્વગુરુ બનાવવાની ચૂંટણી છે, આપની ભાવિ પેઢીના ભવિષ્ય ને ઉજવળ બનાવવાની ચૂંટણી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત દેશ વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે, જામનગરની જનતાએ જામનગરથી જંગી બહુમતીથી એક કમળને દિલ્લી પહોચાડવું, તેવી અપીલ કરેલ. શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરાએ જણાવેલ કે, ચૂંટણી એટલે લોકશાહીનું પર્વ, સૌ કોઈએ આ લોકશાહીના પર્વમાં મતદાન અવશ્ય કરવું જોઈએ, અને આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને પૂનમબેન માડમ ને જંગી બહુમતીથી જીતાડી દિલ્લી મોકલવા જોઈએ. ઉદઘાટન સમારોહ દરમિયાન એકઠી થયેલ જનમેદની જોતા પૂનમબેન માડમની જંગી બહુમતીથી જીત નિશ્ચિત જણાય આવે તેવો ઉત્સાહજનક માહોલ જોવા મળેલ.

આ કાર્યક્રમમાં ભાજપ શહેર અધ્યક્ષ ડો વિમલભાઈ કગથરા, સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઇ ભાટુ, જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મુંગરા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રીવાબા જાડેજા, ૧૨ લોકસભા સંયોજક ડો. વિનોદભાઈ ભંડેરી, ૭૯ વિધાનસભા પ્રભારી, હિરેન પારેખ, ૭૮ વિધાનસભા સંયોજક ધર્મરાજસિંહ જાડેજા, ૭૮ વિધાનસભા પ્રભારી સુરેશ વશરા, મેયર વિનોદ ખીમસુરીયા, ડે મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસકપક્ષ નેતા આશિષ જોશી, સ્ટે. કમિટી ચેરમેન નિલેશ કગથરા, શિક્ષણ સમિતિ ચેરમેન મનીષ કનખરા, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, પરમાનંદભાઈ ખટ્ટર, પૂર્વ પ્રમુખ હસમુખભાઈ હિંડોચા, મુકેશ દાશાણી, નિલેશ ઉદાણી, પૂર્વ મેયર અમીબેન પરીખ, બીનાબેન કોઠારી, હસમુખ જેઠવા, સામાજિક અગ્રણી તથા જામનગર ડીસ્ટ્રિક કો ઓપરેટીવ બેંકના, ચેરમેન જીતુભાઈ લાલ, સહિત શિક્ષણ સમિતિના સભ્યો, સામાજિક સંસ્થાના હોદેદારો, વિવિધ મોરચાના પદાધિકારીઓ, કોપોરેટરો, કાર્યકર્તાઓ, વોર્ડ સમિતિના પદાધિકારીઓ, પેઈજ સમિતિના પ્રમુખો સહિત વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં દારૂના ધંધાર્થીની અટકાયત કરવા ગયેલ પોલીસ પાર્ટી પર હુમલો

## એ.એસ.આઈ. અને હેડ કોન્સ્ટેબલ સાથે દારૂના ધંધાર્થી તેમજ તેના ભાઈ-ભાભીએ ઝપાઝપી કરી દવા પી જવાનો ભય બતાવ્યો

જામનગર : જામનગરમાં ભીમવાસ વિસ્તારમાં એક દારૂના ધંધાર્થી સામે અટકાયતી પગલાં ભરવા ગયેલી પોલીસ પાર્ટી પર હુમલો કરાયો છે. દારૂના ધંધાર્થી અને તેના ભાઈ ભાભી એ પથ્થર ઉપાડી જપાજપી કરી પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો, તેમ જ પોલીસે ઘરમાં આવીને પૈસા માંગ્યા છે તેમ જણાવી ઝેરી દવા પી લેવાનો ભય બતાવ્યો હતો.

દરમિયાન ફરજ પર રહેલા એ.એસ.આઈ. અને પોલીસ હેડકોન્સ્ટેબલે પોતાના ઉચ્ચ અધિકારીને સ્થળ પર બોલાવી લીધા હતા, અને દારૂના ધંધાર્થી તેમજ તેના ભાઈ ભાભી સામે ફરજમાં રૂકાવટ અંગેનો ગુનો નોંધ્યો છે. આ ઝપાઝપી દરમિયાન દારૂનો ધંધાર્થી ઈજાગ્રસ્ત બન્યો હોવાથી તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરની હનુમાન ગેઈટ પોલીસ ચોકીમા એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા સરમણભાઈ રામાભાઈ ચાવડા પોતાના સાથે હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ સોચાને લઈને જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા એક દારૂના ધંધાર્થી સુનિલ ઉર્ફે ધમો વિપુલભાઈ ધવળ કે જેની સામે લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને અટકાયતી પગલા ભરવાની કાર્યવાહી માટે ગયા હતા.

જે દરમિયાન આરોપી સુનિલ પોતાના ઘરમાં હાજર હતો, અને પોલીસ સાથે જવાની ના પાડીને તકરાર કરી હતી. જે દરમિયાન તેનો ભાઈ આકાશ વિપુલભાઈ ધવળ અને તેના ભાભી જે બંને પણ ધસી આવ્યા હતા, અને ફરજ પર હાજર રહેલા બંને પોલીસ કર્મચારીઓ સાથે જપાજપી કરી હતી.

જેમાં સુનિલ પથ્થર ઉપાડીને પોલીસ કર્મચારી પર મારવાનો પ્રયત્ન કર્યો હતો, જે દરમિયાન બીજા પોલીસ કર્મચારીએ તેને પકડી રાખ્યો હતો. આ બબાલ સમયે પોલીસે પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો પણ બનાવ્યો હતો.

જે મોબાઈલ ઝુંટવાનો પણ ત્રણેયએ પ્રયાસ કર્યો હતો, તેમ જ પોલીસ મારા ઘરે આવીને પૈસા માંગી રહી છે, તેવો આક્ષેપ કરીને ઝેરી દવા પી લેવાનો ભય બતાવ્યો હતો. તેથી ફરજ પર રહેલા એએસઆઈ એસ.આર. ચાવડા તુરતજ પોતાના અધિકારીને જાણ કરતાં પી.એસ.આઈ. ડી.જી. રાજ અન્ય પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા, અને સમગ્ર ઘટનામાં આરોપી સુનિલ જમીનપર પટકાઈ પડ્યો હોવાથી તેને કપાળમાં લાગ્યું હતું અને ઈજાગ્રસ્ત બન્યો હતો. તેથી ૧૦૮ ની ટીમને સ્થળ પર બોલાવાઈ હતી, અને સુનિલને સારવાર માટે જીજી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

જ્યારે એસઆઈ સરમણભાઇ ચાવડાએ પોતાની તેમજ પોતાની સાથેના હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ સોચા ની ફરજ માં રૂકાવટ ઉભી કરવા અંગે તેમ જ માર મારવા અંગે સુનિલ ઉર્ફે ધમો વિપુલભાઈ ધવળ તેના ભાઈ આકાશ વિપુલભાઈ અને તેના ભાભી સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે આઈપીસી કલમ ૩૩૨,૩૫૩,૧૮૬,૬૦૪ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે. આ બનાવને લઈને ભારે ચકચાર જાગી છે. જ્યારે સમગ્ર ઘટના સમયે આસપાસના લોકોનું ટોળું પણ એકત્ર થયું હતું.

# જામનગરમાં સગીરાને હવસનો ભોગ બનાવનાર આરોપીને ૨૦ વર્ષની સજા

જામનગર : જામનગરમાં એક સગીરા સાથે પોતાના ઘરમાં એકથી વધુ વખત સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય અને દુષ્કર્મ આચારવા તથા તળાવની પાળ જેવા જાહેર સ્થળે શારીરિક અડપલા કરનાર આરોપી સામે પોક્સ સહિતની કલમ મુજબ ગુનો નોંધાયો હતો. જે ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજાનો અદાલતે આદેશ કર્યો છે.

જામનગર ના ગોકુલ નગર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની એક સગીરા ગત તાં.૧૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ પોતાની સ્કૂલે જતી હતી ત્યારે તેની પડોશમાં માં જ રહેતો ભાયાભાઈ જગાભાઈ આંબલીયા નામનો આધેડ તેણીને પોતાની બાઈકમાં બેસાડીને તળાવની પાળે લઈ ગયો હતો. જયા તેણે સગીરા સાથે બીભત્સ સારીરિક છેડછાડ અને અડપલા કર્યા હતા. આખરે તેની ગભરાઈ જતા ત્યાંથી નાશી ગઈ હતી.અને પોતાના પરિવારને વાત કર્યા પછી પોલીસમા ફરિયાદ નોંધાવાઈ હતી. જેમ એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભોગ બનનાર સગીરા આરોપીની દીકરી પાસે તેના ઘરે અભ્યાસ માટે જતી હતી ત્યારે પણ એકલતાનો લાભ લઈને આરોપી ભયાભાઈએ સગીરા સાથે એકથી વધુ વખત સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય અને દુષ્કર્મ આચર્યું હતું. પરંતુ ડરનાં કારણે આ બનાવોની કોઈને જાણ કરી ન.હતી.

આખરે તમામ બનાવ અંગે પોલીસમા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ભાયા આંબલીય ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આ અંગેનો કેસ ચલી જતા સરકારી વકિલની દલીલો અને તમામ પુરાવાઓ, નિવેદન, તબીબી અભિપ્રાય વગેરેને ધ્યાને લઈને સ્પે.કોર્ટનાં ન્યાયધીશ આરતીબેન વ્યાસે પોતાનાં ચુકાદામા આરોપી ભાયા જગાભાઈ આંબલીયાને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૧૫૦૦૦નો દંડ અને દંડ ની રકમ ભરપાઈ ન કરે તો વધુ છ માસની સજા તેમજ ભોગ બનનાર ને રૂ.૯ લાખ નું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ કેસમા સરકાર વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયા હતા.

# ખંભાળિયા નજીક આશાસ્પદ અગ્નિવીર જવાનનું કાર અડફેટે મોત નિપજતા અરેરાટી

## હૈદરાબાદ ટ્રેનિંગમાં જતા પૂર્વે સર્જાયો અકસ્માતથી અરેરાટી





તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા અને અગ્નિવીર ટ્રેનિંગમાં પાસ થઈ અને હૈદરાબાદ ટ્રેનિંગમાં જાય તે પૂર્વે ખંભાળિયા નજીક ગઈકાલે મંગળવારે એક મોટરકારની અડફેટે આ યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા બ્રિજરાજસિંહ પ્રવિણસિંહ સોઢા નામના ૨૦ વર્ષના યુવાન આર્મીની ભરતી પ્રક્રિયામાં સિલેક્ટ થઈ ગયા હતા. જેથી આ અંગેની ટ્રેનિંગ માટે હૈદરાબાદથી આવીને પરત જવાના હોવાથી મંગળવારે સવારના આઠેક વાગ્યાના સમયે તેમના મોટાભાઈ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા પિતરાઈ ભાઈ શક્તિસિંહ તેમજ તેમના મામા દિલીપસિંહ ઈક્કો કારમાં તમને મૂકવા ખંભાળિયા-દ્વારકા માર્ગ પર અત્રેથી આશરે ૧૪ કિલોમીટર દૂર હંસ્થળ ગામના પાટીયા પાસે પહોંચ્યા હતા.

અહીંથી જવા માટે બ્રિજરાજસિંહ સહિત ત્રણેય વ્યક્તિઓ એક ખાનગી ટ્રાવેલ્સની બસની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ પરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જી.જે. ૦૩ એલ.એમ. ૪૬૧૦ નંબરની સ્વીફટ મોટરકારના ચાલકે આ માર્ગ પર ઉભા રહેલા બ્રિજરાજસિંહને અડફેટે લેતા તેમની ખોપડી ફાટી ગઈ હતી અને લોહી લોહાણ હાલતમાં ગંભીર અવસ્થામાં તેમને ઈમરજન્સી ૧૦૮ મારફતે અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. અહીં પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે વચલા બારા ગામના રહીશ અને મૃતક બ્રિજરાજસિંહના મોટાભાઈ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા (ઉ.વ. ૨૬) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે સ્વિફ્ટ મોટરકારના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (એ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી છે.

અકસ્માત બાદ પલટી જવાથી આ મોટરકારનો બુકડો બોલી ગયો હતો. આ મોટરકાર એક સગીર વયનો યુવાન ચલાવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# દ્વારકા નજીક વસઈ સીમ વિસ્તારમાં મસમોટી દેશી દારૂની ભઠી ઝડપાઈ





તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકા નજીક વસઈની સીમમાં સ્થાનિક ગુના શોધક શાખાની ટૂકડીએ દરોડો પાડી દેશી દારૂની ભઠી પકડી પાડી સ્થળ પરથી દેશી દારૂનો ૩૦૦ લીટર જથ્થો ઉપરાંત ૧૧,૨૫૦ લીટરનો આથાનો ગંજાવર જથ્થો કબ્જે કર્યો હતો.

દેવભૂમિ દ્વારકા પંથકમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ કે. કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટૂકડી પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે લખમણભા નથુભા માણેક અને કરશનભા દેવુભા માણેક પોતાના ઘરથી લગભગ બે ખેતર જેટલી દૂર આવેલી વાડીમાં દેશી દારૂની ભઠી તૈયાર કરી દારૂ ગાળવાની પ્રવૃત્તિઓ આચરતો હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે પીએસઆઈ બી. એમ. દેવમુરારીની આગેવાનીમાં પોલીસે ઉક્ત જગ્યામાં દરોડો પાડયો હતો. જે દરોડા દરમ્યાન સ્થળ પરથી દેશી દારૂનો ૩૦૦ લીટર જથ્થો ઉપરાંત આથાનો ૧૧,૨૫૦ લીટરનો જંગી જથ્થા સાથે અખાદ્ય ગોળના ૧૨ ડબ્બા, ગેસના બાટલા ૧૫, ૪ ચુલા, બેરલ, પાવડર સહિત રો મટીરીયલ અને સાધન સામગ્રી કબ્જે કરી હતી. આ ઉપરાંત બાઈક સહિત રૂા. ૮૪,૭૯૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જો કે, આ દરોડા દરમિયાન લખમણભા માણેક અને કરશનભા માણેક (રહે. બન્ને વસઈની સીમ વિસ્તાર) નામના બે આરોપીઓ ફરાર થઈ જતા તેની શોધખોળ આદરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના વાલસુરા નેવલ ભરતી ફ્રોડમા નાસતો ફરતો આરોપીને રાજસ્થાનમાંથી ઝડપાયો

જામનગર : જામનગર ભરતીના ફ્રોડ અંગેનો એક ગુનો ત્રણ વર્ષ પહેલાં બેડી મરીન પોલીસ મથકમાં નોંધાવાયો હતો, તે પ્રકરણના નાસતા ફરતા આરોપીને રાજસ્થાનના સીકર જિલ્લામાંથી જામનગર પોલીસે ઝડપી લીધો છે. જેને જામનગર લઈ આવ્યા પછી વધુ પૂછપરછ શરૂ કરાઈ છે.

જામનગરના બેડી મરીન પોલીસ મથકમાં આજથી ત્રણ વર્ષ પહેલા આઈએનએસ વાલસુરામાં નેવલ ભરતીના ફ્રોડ અંગેનો એક ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુનામાં રાજસ્થાનના સિકર જિલ્લાના ભોજાશરડે ગામના



આરોપી ઓમપ્રકાશ ઢાકા સામે ગુન્હો નોંધી ફરારી જાહેર કરવામાં આવ્યો હતો.

જે ગુનામાં પોતે છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો રહ્યો હતો. અને ઉપરોક્ત આરોપી હાલ પોતાના વતનમાં પહોંચ્યો હોવાની બાતમીના આધારે જામનગરના સીટી બી.ડિવિઝનના પોલીસ સ્ટાફે તપાસનો દોર રાજસ્થાનના શિકર જીલ્લા સુધી લંબાવ્યા પછી ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસની મદદથી આરોપી ઓમપ્રકાશ ઢાકા સુખદેવસિંહ ઢાકાને શિકર જિલ્લામાંથી ઝડપી લેવા આવ્યો છે. જેને જામનગર લઈ આવ્યા પછી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# બેટ દ્વારકાના હનુમાન દાંડી મંદિરે હનુમાન જયંતીની ઉજવણી

બેટ દ્વારકા : બેટ શંખોદ્ધારમાં આવેલ આ હનુમાનજીનું મંદિર એ વિશ્વનું એકમાત્ર એવું મંદિર છે જ્યાં પિતા હનુમાનજી તથા તેમના પુત્ર મકરધ્વજજી સાથે બિરાજે છે આજે હનુમાનજીના પ્રાગટયોત્સવ પ્રસંગે સવારે ૬:૪૩ કલાકે ઉત્સવ આરતી સાથે મંગલા આરતી બાદ સવારે ૧૦:૦૦ કલાકે મંદિર પર ધ્વજારોહણ થયેલ.સવારે ૧૧:૦૦ વાગ્યે ભવ્ય અન્નકોટ મનોરથ યોજાયેલ.આ ઉપરાંત ભકતગણ માટે બપોરે ૧૨:૦૦ કલાકથી સમુહ પ્રસાદી યોજાયેલ.આ સાથે જ બે દિવસીય અખંડ રામધૂનની પુર્ણાહુતિ થયેલ. આ સમગ્ર ધર્મોત્સવનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ.



# જામનગરમાં આઠ માસના લગ્નગાળા દરમ્યાન પરીણિતાએ ગળાફાંસો ખાધો

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતી એક નવ પરણીતાએ પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો છે. જે મામલે પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલનગર વિસ્તારમાં શેરી નંબર -૧૨માં રહેતી દયાબેન સંજયભાઈ ચૌહાણ નામની ૨૦ વર્ષની દેવીપુજક યુવતીએ ગઈકાલે પોતાના ઘેર લોખંડના પાઈપમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકના સંબંધી રમેશભાઈ મનજીભાઈ ચૌહાણએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસ સબ ઈન્સ્પેકટર એમ. વી. દવે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને વૃદ્ધના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવતીના માત્ર આઠ માસ પહેલા જ લગ્ન થયા હતા, અને પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લીધો હોવાથી પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.